*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com


We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




ડીસેમ્બર, ૧૯૭૯ ( ૪૩૪ ) વર્ષ ૩૬ અંક ૬

ડીસેમ્બર, ૧૯૭૯ ( ૪૩૪ ) વર્ષ ૩૬ અંક ૬




૧. મિથ્યાત્વથી ઉત્પન્ન જે મોહ, તેનાથી ધતૂરાથી ઉપજેલ મોહ સારો છે. દર્શન–મોહ અનંતાનંત જન્મ–મરણ વધારે છે. ધતૂરો અલ્પકાળ ઉન્મત્ત કરે છે. મિથ્યાદર્શન અનંતાનંતભવ પર્યંત જીવને અચેત કરી કરી મારે છે. માટે જન્મ–મરણના દુઃખથી ભયભીત હોય તે મિથ્યાત્વનો ત્યાગ કરે છે.

( શ્રી શિવકોટી–આચાર્ય, ભગવતી આરાધના, ગાથા–૭૩૧ )

૨. હે જીવ ! જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, જ્યાં સુધી રોગરૂપ અગ્નિ શરીરરૂપી તારી ઝૂંપડીને ન બાળે, જ્યાં સુધી ઇન્દ્રિયોનું બળ ન ઘટે ત્યાં સુધીમાં તારું આત્મ–હિત કરી લે. ( શ્રી કુંદકુંદ આચાર્ય–ભાવપાહુડ ગાથા–૧૩૨ )

૩. આ સંસારમાં જે કાંઈ શારીરિક અને માનસિક દુઃખો ઉત્પન્ન થાય છે તે સર્વ આ જીવને શરીર ઉપર મમત્વ કરવાથી અનંતવાર પ્રાપ્ત થયા છે.

( શ્રી કુંદકુંદ આચાર્ય–મૂલાચાર, અધિકાર બીજો, ગાથા–૫૧ )

૪. આ લોક વિષે જે સુખી છે, તે પરલોકમાં પણ સુખને જ પ્રાપ્ત થાય છે. તથા આ લોક વિષે જે દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખને જ પ્રાપ્ત થાય છે. સર્વ પરવસ્તુના ગ્રહણનો ત્યાગ એ જ વાસ્તવિક સુખનું કારણ છે અને પરવસ્તુનું કિંચિત્ માત્ર પણ ગ્રહણ તે જ દુઃખ છે.

( શ્રી ગુણભદ્રઆચાર્ય–આત્માનુશાસન, શ્લોક–૧૮૭ )

૫. જે કર્મ ઉદયમાં લાવીને મારે ભોગવી લેવા યોગ્ય છે તે કર્મ સ્વયં ઉદયમાં આવ્યું અને મેં ( શાંતભાવથી ) ક્ષય કર્યું તે નિયમથી મને કોઈ અપૂર્વ લાભ જ છે.

( શ્રી યોગીન્દુદેવ–પરમાત્મપ્રકાશ, અધ્યાય ૨, ગાથા–૧૮૩ )

વાર્ષિક
લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૬
અંક ૬




વીર
સંવત
૨૫૦૬
A. D. 1979
DEC.

# ઉત્પાદ-વ્યય ધ્રુવને પ્રકાશે છે

આ બહુ સરસ ગાથા છે. સ્વતંત્રતાનો ઢંઢેરો છે. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે ને તે સ્વભાવ એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્યના લક્ષણ જુદા છે પણ ત્રણેનો કાળ જુદો નથી. ઉત્પાદ વ્યય વિના હોતો નથી કેમ કે ભાવનું-ઉત્પાદનું ભાવાન્તરના અભાવસ્વભાવે પ્રકાશવું થાય છે એટલે કે મિથ્યાત્વના અભાવસ્વભાવે સમકિતનું પ્રકાશવું થાય છે પરંતુ દર્શનમોહનીય કર્મના અભાવથી સમકિત થાય છે તેમ નથી. માટીના પિંડના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ થાય છે પરંતુ કુંભારથી ઘડાની ઉત્પત્તિ થાય છે તેમ નથી. આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે મોક્ષમાર્ગની પર્યાયના અભાવસ્વભાવે ઉત્પન્ન થાય છે પરંતુ કર્મના ક્ષયના લઈને થાય છે તેમ છે જ નહિ. દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે તેના અવસરે જ-ક્રમબદ્ધ અનુસાર જ થાય છે અને તેનું કારણ પૂર્વપર્યાય છે પણ પરદ્રવ્ય કારણ છે એમ નથી. એ રીતે વ્યય ઉત્પાદ વિના હોતો નથી ને ઉત્પાદ-વ્યય સ્થિતિ વિના હોતા નથી તથા સ્થિતિ ઉત્પાદ-વ્યય વિના હોતા નથી—એ વાત અહીં દૃષ્ટાંતપૂર્વક સમજાવી છે.

**શ્રી પ્રવચનસાર ગાથા-૧૦૦ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી**

ખરેખર સર્ગ એટલે ઉત્પત્તિ સંહાર એટલે વ્યય વિના હોતી નથી ને વ્યય ઉત્પાદ વિના હોતો નથી તથા સ્થિતિ ઉત્પાદ ને વ્યય વિના હોતી નથી અને ઉત્પાદ વ્યય સ્થિતિ વિના હોતા નથી તે કહે છે :–

ઉત્પાદ ભંગ વિના નહિ, સંહાર સર્ગ વિના નહિ;
ઉત્પાદ તેમ જ ભંગ, ધ્રૌવ્ય–પદાર્થ વિણ વર્તે નહિ. ૧૦૦.

બહુ સરસ ગાથા છે, સ્વતંત્રતાનો ઢંઢેરો છે.

ખરેખર સર્ગની ઉત્પત્તિ એટલે કે સમકિતની ઉત્પત્તિ સંહાર વિના–મિથ્યાત્વના નાશ વિના હોતી નથી. મિથ્યાત્વનો નાશ એટલે કે સંહાર સર્ગ વિના–સમકિતના ઉત્પાદ વિના હોતો નથી. સર્ગ ને સંહાર એટલે કે સમકિતની ઉત્પત્તિ ને મિથ્યાત્વનો નાશ સ્થિતિ વિના હોતા નથી—ધ્રુવ વિના હોતા નથી. સ્થિતિ–ટકવું તે સર્ગ ને સંહાર વિના હોતા નથી. ક્ષાયિક સમકિતની પર્યાય થાય છે તે કેવળી ને શ્રુતકેવળીની હાજરીમાં જ થાય છતાં તેમનાથી ન થાય એમ અહીં કહ્યું છે. નિમિત્તનું જ્ઞાન કરાવવા કહ્યું કે કેવળી શ્રુતકેવળી સમીપ થાય પણ ક્ષાયિક થાય છે તે પોતાથી જ થાય છે.

ખરેખર કોઈ પણ દ્રવ્યની ઉત્પત્તિનો સમય છે તે જ સંહારનો સમય છે. આત્મામાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિનો સમય છે તે જ મિથ્યાત્વના સંહારનો સમય છે એટલે કે દર્શનમોહનીય કર્મના અભાવથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. જે સમયે ઉત્પાદ છે તે જ સમયે વ્યય છે. દરેક દ્રવ્યમાં ઉત્પત્તિનો જે અવસર છે, વ્યયનો તે જ અવસર છે. કર્મની પર્યાયમાં પણ પરમાણુમાં કર્મપણે પરિણમવાનો જે સમય છે તે જ સમય અકર્મ અવસ્થાના વ્યયનો છે. ઉત્પાદ–વ્યયમાં સમય ભેદ નથી.

વ્યય ઉત્પાદ વિના હોતો નથી. ભલે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યના લક્ષણ જુદા છે પણ ત્રણેનો સમય એક જ હોય, સમય ભેદ નથી. ઉત્પાદ તે વ્યય ને ધ્રૌવ્ય વિના હોતા નથી. સ્થિતિ વિના ઉત્પાદ–વ્યય હોતા નથી, ઉત્પાદ–વ્યય વિના સ્થિતિ હોતી નથી. આત્મામાં જ્ઞાનની જે વધઘટ થાય છે તે જ્ઞાનાવરણીને લઈને થતી નથી. અજ્ઞાન ને મિથ્યાત્વના વ્યયનો સમય છે તે જ સમ્યગ્દર્શનના ઉત્પાદનો સમય છે ને તે જ ધ્રુવનો સમય છે.

જે ઉત્પાદ છે તે જ વ્યય છે. એટલે શું ?–કે ઘટની ઉત્પત્તિ છે તે જ માટીના પડનો સંહાર છે–વ્યય છે. બન્નેનો સમય તે જ છે એટલે કે ઉત્પાદ છે તે જ સંહાર છે. દરેક દ્રવ્યની ઉત્પત્તિનો સમય તે જ વ્યયનો સમય છે. ત્યાં પરથી ઉત્પત્તિ થાય એ

ક્યાં રહ્યું ? કર્મનો વ્યય છે માટે કેવળજ્ઞાનનો ઉત્પાદ છે–એ ક્યાં રહ્યું ? ઘાતિકર્મનો ક્ષય થયો તે સમય ને અકર્મરૂપ પરમાણુ પરિણમ્યા તે સમય એક જ છે. તેથી ઉત્પાદ તે જ વ્યય છે ને વ્યય તે જ ઉત્પાદ છે. જે ઉત્પાદ ને વ્યય છે તે જ સ્થિતિ–ટકવું છે એટલે ટકવાનો પણ તે જ સમય છે. તેથી પરની કોઈ અપેક્ષા નથી.

શરીરની નિરોગતાનો વ્યય ને રોગનો ઉત્પાદ એક જ સમયે છે ને પરમાણુની સ્થિતિનો પણ તે જ સમય છે. આહાહા ! ધીરો થઈને જોવે તો ખરો ! પરમાં તો કાંઈ કરવાનું રહ્યું નહીં પણ પોતાની પર્યાયનો ઉત્પાદનો તે જ કાળ છે માટે ત્રિકાળી ધ્રુવની દ્રષ્ટિ કરવી. જે સમયે જે કાળે ધર્મની ઉત્પત્તિ છે તે જ અધર્મનો વ્યય છે એટલે કે એક જ કાળ છે, તે વાત દ્રષ્ટાંતથી સમજાવે છે :–

જે કાળે ઘડાનો ઉત્પત્તિનો કાળ છે તે જ સમયે ઘડો થાય છે. તેનો કર્તા કુંભાર નથી. ઘડાની ઉત્પત્તિ છે તે જ માટીના પિંડનો વ્યય છે એટલે ઘડાની ઉત્પત્તિનો કાળ છે તે જ કાળ પિંડના વ્યયનો છે. કારણ કે ભાવનું ભાવાન્તરના અભાવસ્વરૂપે અવભાસન છે એટલે કે ઉત્પત્તિરૂપ ભાવ અન્યભાવના અભાવસ્વરૂપે પ્રકાશે છે. એક પર્યાય ઉત્પન્ન થઈ તે ભાવ, તેનાથી અનેરી પર્યાય એટલે કે ભાવાન્તર તેના અભાવસ્વરૂપે ભાવનું –ઉત્પાદનું પ્રકાશવું છે.

કેવળજ્ઞાનની પર્યાયનો ઉત્પાદ, તેનાથી અનેરી એવી જે પૂર્વ પર્યાય તેના અભાવસ્વરૂપે પ્રકાશે છે એટલે કે કર્મના અભાવથી કેવળજ્ઞાન થયું એમ નથી. ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ તે તેનાથી ભાવાન્તર જે અસ્થિરતાનો ભાવ તેના અભાવસ્વરૂપે પ્રકાશે છે. ભાષાની પર્યાયનો ઉત્પાદ તે ભાવ, તેનાથી ભાવાન્તર એટલે કે ભાષાની પર્યાયની પૂર્વની જે પર્યાય તેના અભાવસ્વરૂપે ભાષાનો ઉત્પાદ દેખાય છે. ઉત્પાદ છે તે અનેરા ભાવના અભાવથી જણાય છે. ઉત્પાદ છે તે તેનાથી અનેરા ભાવના અભાવસ્વરૂપે જ દેખાય છે. વર્તમાન પર્યાયનો ઉત્પાદ છે તે તેનાથી અનેરી પર્યાય એટલે કે પૂર્વ પર્યાય તેના અભાવથી વર્તમાન પર્યાયનો ઉત્પાદ દેખાય છે. એટલે કે પરના નિમિત્તના કારણે ઉત્પાદ દેખાય છે તેમ નથી.

આત્માના કારણે શરીરની પર્યાય દેખાય છે તેમ નથી પણ શરીરની જે વર્તમાન પર્યાય છે તે તેની પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે પણ આત્માને લઈને તે પર્યાયનો ઉત્પાદ દેખાય છે એમ નથી. દયાનો ભાવ થયો તે પૂર્વની પર્યાયના અભાવથી દેખાય છે પણ પર જીવના કારણે દયાના ભાવનો ઉત્પાદ થયો એમ અમને દેખાતું નથી. એક વાર ભ્રમણાને મારી નાખ. અભ્રમણાના ભાવનો ઉત્પાદ–સમ્યગ્દર્શનનો ઉત્પાદ,

તેનાથી અનેરા એવા ભ્રમણાના ભાવના–મિથ્યાભાવના અભાવથી પ્રકાશે છે.

રોટલીનો ઉત્પાદ કઈ રીતે પ્રકાશે છે?–કે પિંડની જે અવસ્થા તેના અભાવથી રોટલીનો ઉત્પાદ પ્રકાશે છે. પણ વેલણથી કે સ્ત્રીથી રોટલીનો ઉત્પાદ પ્રકાશતો નથી. તને એમ લાગે કે ઘડાની ઉત્પત્તિ કુંભારથી થઈ તો એ વાત ત્રણ કાળમાં સાચી નથી. ઘડાની ઉત્પત્તિ તેનાથી અનેરાભાવરૂપ જે માટીનો પિંડ તેના અભાવસ્વભાવે ઘડાની ઉત્પત્તિ દેખાય છે, પણ કોઈના કરવાથી ઉત્પત્તિ પ્રકાશે છે એમ નથી.

ભગવાનની ભક્તિના ભાવનો ઉત્પાદ થયો તે પૂર્વ પર્યાયના અભાવથી થયો છે પણ ભગવાનના દર્શનથી ભક્તિનો ભાવ થયો છે એમ નથી. શુભભાવની ઉત્પત્તિ પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે પણ ભગવાનના દર્શન થયા માટે પ્રકાશે છે તેમ નથી. પ્રભુ એમ કહે છે કે કુંભારને ઘડો કરવાનો વિકલ્પ ઉઠયો તે પૂર્વના વિકલ્પના અભાવથી એ વિકલ્પ પ્રકાશે છે પણ માટીના પિંડના કારણે ઘડો કરવાનો વિકલ્પ થયો છે એમ નથી. ઘડાની ઉત્પત્તિની પર્યાય અને દરેક દ્રવ્યની ઉત્પત્તિની પર્યાય તેનાથી અનેરી પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે, બીજા કોઈ નિમિત્તના લઈને દેખાય છે એમ નથી.

ભાઈ! એકવાર આગ્રહ છોડી, વસ્તુની જે રીતે મર્યાદા છે એ રીતે તું જ્ઞાન તો કર! અક્ષરની ઉત્પત્તિ થાય છે તે પૂર્વની પર્યાયના અભાવને લઈને દેખાય છે પણ લખનારને લઈને દેખાય છે એમ છે જ નહીં. મોક્ષનો માર્ગ ઉત્પન્ન થયો તે પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે દેખાય છે પણ તું બીજી રીતે દેખ તો એમ છે નહીં.

આહાહા! આ ચમત્કાર છે કે દરેક દ્રવ્યની પર્યાયની ઉત્પત્તિ તેના અનેરા ભાવના અભાવથી પ્રકાશે છે પણ અન્ય દ્રવ્યના લઈને પ્રકાશે છે તેમ નથી.

સમ્યગ્દર્શનની પર્યાયની ઉત્પત્તિ તેનાથી ભાવાન્તર જે મિથ્યાત્વ તેના અભાવથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રકાશે છે પણ દર્શનમોહનીય કર્મના અભાવથી પ્રકાશે છે એમ નથી. જ્ઞાનની હીણી પર્યાયની ઉત્પત્તિ તેની પૂર્વ પર્યાયના અભાવને લઈને પ્રકાશે છે પણ જ્ઞાનાવરણી કર્મના લઈને જ્ઞાનની હીણી દશા પ્રકાશે છે તેમ નથી.

આહાહા! સમજાય એવી વાત છે હો! ભગવાન આત્માને ન સમજાય તો કોને સમજાશે! જ્ઞાનની જે અધિક દશા થઈ તે પૂર્વે જે હીણી દશા હતી એ ભાવાન્તરના અભાવસ્વભાવે જ્ઞાનની અધિકદશા ભાસે છે પણ જ્ઞાનાવરણીના ક્ષયોપશમથી જ્ઞાનની અધિક દશા પ્રકાશે છે એમ નથી. પ્રભુ એમ કહે છે કે આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય

ઉત્પન્ન થઈ તે ભાવ તેનાથી ભાવાન્તર જે પૂર્વની પર્યાય તેના અભાવસ્વભાવે કેવળજ્ઞાનની પર્યાય પ્રકાશે છે.

શાસ્ત્રનું પાનું વાંચતા જે જ્ઞાનની ઉત્પત્તિ થઈ તે પાનાના કારણે નહીં પણ પૂર્વે જે પર્યાય હતી તેના અભાવ–સ્વભાવે જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ થયો છે. દૂધમાંથી દહીં થાય છે તે છાસના મેળવણથી થયું નથી પણ દહીંની પર્યાય તેની પૂર્વ પર્યાયના અભાવના લઈને દહીંના ઉત્પાદરૂપે પ્રકાશે છે.

પ્રભુ ! તું જ્ઞાતા છો ને ! એ જ્ઞાતાની પર્યાયનો ઉત્પાદ પરને જાણે છે માટે છે એમ નથી પણ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ એના પહેલાની પર્યાયના સંહારના લઈને થયો છે. શ્રી સમયસારની ૩૨૦ ગાથામાં નિર્જરા ને મોક્ષને કરે નહીં પણ જાણે એમ કહ્યું છે. એ નિર્જરા ને મોક્ષની પર્યાય છે માટે જાણવાની પર્યાય એને જાણે છે એમ નથી પણ એ જાણવાની પર્યાય તેની પહેલાની જે જાણવાની પર્યાય હતી તેના અભાવસ્વભાવે પ્રકાશે છે. જ્ઞાતાદ્રષ્ટાની પર્યાય જેને જાણે છે તેનાથી થઈ છે એમ નથી, જ્ઞાતાદ્રષ્ટાની પર્યાય ઉત્પન્ન થઈ તે તેના પૂર્વની પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે. કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે છે માટે લોકાલોકના લઈને જાણી છે એમ નથી, કેવળજ્ઞાનની પર્યાય તેની પૂર્વપર્યાયના અભાવસ્વભાવે અવભાસે છે. પ્રગટ પર્યાય વિનાનું કોઈ દ્રવ્ય ન હોય, એ પ્રગટ પર્યાય તેના પૂર્વ પર્યાયના અભાવસ્વભાવે પ્રકાશે છે.

હવે કહે છે કે જે સંહાર છે તે જ સર્ગ છે. માટીના પિંડનો અભાવ તે જ ઘડાનો ઉત્પાદ છે. કારણ કે અભાવનું ( –સંહારનું ) ભાવાન્તરના ( –ઉત્પાદના ) ભાવસ્વભાવે અવભાસન–પ્રકાશવું છે. મોક્ષમાર્ગની પર્યાયનો નાશ તેનાથી ભાવાન્તર જે કેવળજ્ઞાન તેના ભાવસ્વભાવે પ્રકાશે છે. મિથ્યાત્વની પર્યાયનો નાશ સમકિતના ઉત્પાદરૂપ સ્વભાવે પ્રકાશે છે.

દરેક દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની હોય તે પર્યાય તેના તે અવસરે જ થાય છે અને તેનું કારણ પૂર્વ પર્યાય છે. કેવળજ્ઞાનની પર્યાય, તેનાથી પૂર્વ પર્યાયરૂપ જે ભાવાન્તર તેના અભાવસ્વભાવે તે પ્રકાશે છે. કેવળજ્ઞાન પહેલા જે અપૂર્ણ અવસ્થા હતી તેના અભાવ વિના કેવળજ્ઞાન હોઈ શકે નહીં એટલે કે મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય એ વાત રહેતી નથી.

આહાહા ! આ તો ૧૦૦મી ગાથા છે, ૧૦૦ એટલે ૧૦૦ ! પૂરણ ! ગજબ વાત છે. દરેક દ્રવ્ય પોતાના સ્વભાવમાં વર્તે છે અને તે સ્વભાવ એક સમયમાં ઉત્પાદ–વ્યય –ધ્રૌવ્યરૂપ છે, તેમાં દરેક દ્રવ્ય વર્તે છે, પણ પરપદાર્થના લઈને વર્તે છે એમ નથી.

દરેક પદાર્થનો સ્વભાવ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ છે, એ રીતે ન માને તો મિથ્યાત્વ છે, એટલે કે દરેક પદાર્થનો સ્વભાવ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ છે તે પોતાથી છે, બીજાથી નથી. શરીરનો સ્વભાવ ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ છે તેથી તેનો ઉત્પાદ તેનામાં તેનાથી થાય છે.

જે ઘડાની ઉત્પત્તિ છે તે માટીના પિંડનો વ્યય છે ને તે જ માટીની સ્થિતિ છે એટલે કે જે સમયે ઉત્પાદ ને વ્યય છે તે જ સમયે ધ્રુવ છે, કારણ કે વ્યતિરેકો એટલે ભિન્ન ભિન્ન અવસ્થાઓ અન્વયને એટલે કે તેની સ્થિતિને છોડતા નથી. ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે તે વ્યતિરેકો છે ને ટકી રહેવું તે સ્થિતિ અર્થાત્ અન્વય છે. ઉત્પાદ–વ્યયનો સમય તે જ ધ્રુવનો સમય છે. વ્યતિરેકો છે તે અન્વયને છોડતા નથી એટલે કે ઉત્પાદ–વ્યય છે તે ધ્રુવને છોડતા નથી.

વળી જે સમયે માટીની સ્થિતિ છે તે જ સમયે પિંડનો વ્યય ને કુંભની ઉત્પત્તિ છે. જે સમયે ઉત્પાદ તે જ સમયે વ્યય ને તે જ સમયે સ્થિતિ છે. અન્વય અર્થાત્ જે સ્થિતિ છે તે વ્યતિરેકો દ્વારા જ જણાય છે. સમ્યગ્દર્શનનો ઉત્પાદ, મિથ્યાત્વનો વ્યય ને ત્રિકાળી ધ્રુવ તે સ્થિતિ છે. તેમાં વ્યતિરેકો— જુદા જુદા ભાવો ધ્રુવને છોડતા નથી ને ધ્રુવ તે વ્યતિરેકો દ્વારા જણાય છે. સ્થિતિને સ્થિતિ પ્રકાશે છે એમ નથી. સ્થિતિને ઉત્પાદ–વ્યય પ્રકાશે છે. ઉત્પાદ–વ્યય સ્થિતિને છોડતા નથી ને એ ઉત્પાદ–વ્યય સ્થિતિને પ્રકાશે છે.

પર્યાયો ધ્રુવને છોડતા નથી ને તે પર્યાયો ધ્રુવને પ્રકાશે છે. વિસદ્રશ અર્થાત્ વ્યતિરેકો અર્થાત્ ઉત્પાદ–વ્યય છે તે પોતાને પ્રકાશે છે એમ ન કહેતાં વિસદ્રશ છે તે સદ્રશને–ધ્રુવને પ્રકાશે છે એમ કહ્યું, કેમ કે જ્ઞાન થતાં જાણનાર પર્યાય તો જાણવામાં આવી જાય છે–જણાઈ જાય છે, તેથી પર્યાય ધ્રુવને પ્રકાશે છે તેમ કહ્યું. ઉત્પાદ–વ્યય છે તે જ સમયે સ્થિતિ છે અને તે વ્યતિરેકો સ્થિતિને પ્રકાશે છે. એનો અર્થ એ થયો કે દેવ –શાસ્ત્ર–ગુરુથી ધ્રુવ જણાતો નથી. શાસ્ત્ર દ્વારા પણ ધ્રુવ પ્રકાશતો નથી. સમકિતનો ઉત્પાદ અને મિથ્યાત્વનો વ્યય તે જ કાળે ધ્રુવને પ્રકાશે છે.

ભગવાનના જ્ઞાનમાં જે જ્ઞેયો જણાયા તેની સ્થિતિ–મર્યાદા કેવી રીતે છે તે આ વાત છે. પોતાના કારણે જે ઉત્પાદ–વ્યય છે તે કાયમી સ્થિતિને પ્રકાશે છે. પરમાણુની પર્યાયનો ઉત્પાદ–વ્યય પરમાણુની સ્થિતિને પ્રકાશે છે. આ સમજે શું લાભ ?–કે જો આટલી માન્યતા થાય કે ઉત્પાદ–વ્યય છે તે ધ્રુવને પ્રકાશે છે તો તેને પરાવલંબી શ્રદ્ધા છૂટી જાય છે અને સ્વસન્મુખનો પ્રયત્ન થાય છે. એ લાભ થાય છે.

જો આમ ન માનવામાં આવે તો ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે જુદા જુદા સમયમાં છે

એમ માનવાનો પ્રસંગ આવે. તો એને કયા કયા દોષ આવે તે સમજાવે છેઃ–

માત્ર ઉત્પાદ શોધનાર કુંભની, તેના ઉત્પાદના કારણરૂપ વ્યયના અભાવે, તેની ઉત્પત્તિ જ ન થાય. મિથ્યાત્વનો વ્યય ન હોય તો સમકિતની ઉત્પત્તિ જ ન થાય. કારણ કે ઉત્પાદનું કારણ તેની પૂર્વપર્યાયનો વ્યય છે. તેથી વ્યયના અભાવમાં ઉત્પાદની ઉત્પત્તિ જ ન થાય અથવા તો અસત્‌નો ઉત્પાદ થાય–જે છે નહિ તેનો ઉત્પાદ થાય. સ્થિતિ અને સંહાર વિના જો ઉત્પાદ થાય તો તો અસત્‌નો ઉત્પાદ થાય, પણ એમ તો છે નહીં. દરેક દ્રવ્યમાં જો સ્થિતિ ને વ્યય ન હોય તો ઉત્પાદ જ ન થાય. અથવા જો સ્થિતિ ને વ્યયના અભાવમાં ઉત્પાદ થાય તો અસત્‌નો ઉત્પાદ થાય એટલે કે આકાશના ફૂલનો ઉત્પાદ થાય એટલે કે શૂન્યમાંથી પણ પદાર્થો ઉત્પન્ન થવા માંડે એ દોષ આવે.

કોઈ પણ દ્રવ્યમાં એકલો સંહાર શોધવા જાય તો એટલે કે મૃતિકા પિંડનો એકલો વ્યય શોધવા જાય તો વ્યયના કારણરૂપ ઉત્પાદના અભાવને લીધે વ્યય જ ન થાય. માટીના પિંડનો વ્યય જો ઘડાની ઉત્પત્તિ ન હોય તો વ્યય જ ન હોય, કેમ કે વ્યયનું કારણ ઉત્પાદ છે. તેથી ઉત્પાદ વિના એકલો સંહાર ગોતવા જાય તો સંહાર હોઇ શકે નહીં.

સંહાર એકલો શોધવા જાય તો ઉત્પાદ–કારણ વિના હોઈ શકે નહીં અથવા તો સત્‌નો જ નાશ થઈ જશે. એકલા મિથ્યાત્વનો વ્યય શોધવા જાય તો સમકિત–ઉત્પાદ વિના મિથ્યાત્વનો વ્યય હોઈ શકે નહીં અથવા તો સમકિતના ઉત્પાદ વિના મિથ્યાત્વનો વ્યય શોધવા જાય તો સત્‌નો વ્યય થઈ જાય, ધ્રુવનો વ્યય થઈ જાય.

જેમ ઘડાની ઉત્પત્તિ વિના માટીના પિંડનો વ્યય જ ન થાય તેમ દરેક દ્રવ્યમાં ઉત્પાદ વિના કોઈ પણ ભાવનો વ્યય જ ન થાય, કોઈ પણ ભાવ પલટે જ નહીં અથવા સત્‌નો જ વિચ્છેદ થઈ જાય. તેથી એકલો સંહાર શોધવા જાય તો ચૈતન્ય વગેરેનો જ નાશ થઈ જાય.

માત્ર સ્થિતિ શોધવા જાય તો ઉત્પાદ ને વ્યય વિના સ્થિતિ હોઈ શકે નહીં. કેમ કે ભિન્ન ભિન્ન વ્યતિરેક વિના એકલું અન્વય હોઈ શકે નહીં. ભિન્ન ભિન્ન વ્યતિરેકો વિના અભિન્નપણું–ધ્રુવ રહી શકે જ નહીં. ઉત્પાદ–વ્યયમાં ધ્રુવનો ખ્યાલ આવે છે તેથી ઉત્પાદ–વ્યય વિના એકલો ધ્રુવ હોઈ શકે નહીં અથવા તો ક્ષણિકનું જ નિત્યપણું થાય.

અનંત પદાર્થો છે તે એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય સહિત છે. પણ જો કોઈ કહે કે એકલો ઉત્પાદ છે તો ઉત્પાદના કારણરૂપ વ્યયના અભાવમાં ઉત્પાદ જ ન થાય

અથવા અસત્‌નો ઉત્પાદ થાય. જો એકલો વ્યય કહે તો વ્યયના કારણરૂપ ઉત્પાદના અભાવમાં વ્યય જ ન હોય અથવા તો સત્‌નો વ્યય થઈ જાય. જો એકલું ધ્રુવ કહો તો વ્યતિરેકો વિના–કાર્ય વિના કારણ જ ન હોય એટલે કે ઉત્પાદ–વ્યય વિના સ્થિતિ જ ન હોય અથવા તો ધ્રુવને જ ક્ષણિકપણું આવે. ઉત્પાદ–વ્યય વિના–વ્યતિરેક વિના અન્વય જ હોઈ ન શકે. કારણ કે પલટતી અવસ્થા દ્વારા સ્થિતિ જણાય છે.

કોઈપણ દ્રવ્યના વ્યતિરેક વિના તે દ્રવ્યની સ્થિતિ જ ન રહે. જેમ ઘડાના ઉત્પાદ ને પિંડના વ્યય વિના માટીની સ્થિતિ જ ન રહે તેમ વિશ્વનું કોઈ પણ દ્રવ્ય ધ્રુવ જ ન રહે. ઉત્પત્તિ ને વ્યય ન હોય તો ધ્રુવ જ ન રહે. પલટતી ક્રિયા દ્વારા ધ્રુવ જણાય છે તેથી પલટતી ક્રિયાના અભાવમાં ધ્રુવ જ સિદ્ધ ન થાય અથવા તો જો ક્ષણિકનું નિત્યપણું થાય તો ચિત્તના પરિણામો–વિકલ્પો ક્ષણિક છે તેનું નિત્યપણું થઈ જાય–એ દોષ આવે.

માટે વસ્તુને પછી પછીના વ્યતિરેકોના ઉત્પાદ સાથે, પહેલા પહેલાના વ્યતિરેકોના વ્યય સાથે અને અન્વયની સ્થિતિ–ધ્રુવ સાથે અવિનાભાવવાળું અબાધિત ત્રિલક્ષણપણારૂપ ચિહ્ન પ્રકાશમાન છે.–એમ સિદ્ધ થાય છે.

## હે ભવ્ય જનો ! જ્ઞાનાનંદમય સ્વતત્ત્વને પામો

હે જનો ! હે ભવ્ય જનો ! સ્યાત્કાર લક્ષણવાળા સ્વતત્ત્વને જિન ભગવાનના શાસનનો આશ્રય કરીને પામો ! કેવું છે તે સ્વતત્ત્વ !–કે આનંદામૃતના પૂરથી ભરચક વહેતી મુક્તિરૂપી સરિતામાં જે ડૂબેલું છે, જગતને જોવાને સમર્થ એવી મહા જ્ઞાનરૂપી લક્ષ્મી જેમાં મુખ્ય છે, ઉત્તમ રત્નોના કિરણ જેવું જે સ્પષ્ટ છે ને ઇષ્ટ છે એવા ઉલ્લસતા આનંદમય પ્રકાશમાન સ્વતત્ત્વને પામો ! જ્ઞાનાનંદ સરિતાથી ભરેલો જે ભગવાન છે એને આઠ વર્ષનો બાળક પણ પામી શકે છે. આચાર્ય મહારાજ કહે છે કે હે જનો ! હે ભવ્ય જનો ! આવા જ્ઞાનાનંદમય સ્વતત્ત્વને પામો ! અહીં સાંભળવા આવ્યો છે એ ભવ્ય જ છે એમ ગણીને આવા આનંદમય ઉલ્લસતા સ્વતત્ત્વને હે જનો પામો !–એમ કહે છે. અરે ! ત્રણ લોકના નાથની વાણી સાંભળવાનો યોગ મળ્યો છે તો તારું હિત કરી લે. ‘સબ અવસર આ ચૂકા હૈ’ હવે અંદરમાં જા !

–પૂજ્ય ગુરુદેવ

# આત્મજ્ઞાનથી રહિત હોવાથી
# જિનવરે કહેલાં વ્રતાદિ પાળવા છતાં મિથ્યાદૃષ્ટિ

અહીં અભવ્ય જીવના દૃષ્ટાંતથી સમજાવ્યું છે કે મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તેટલી કષાયની મંદતા કરે, મિથ્યાત્વની મંદતા કરે, કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને પ્રાણ જાય તોપણ પગે ન લાગે એવી વ્યવહારશ્રદ્ધા કરે, જિનવરદેવે કહેલાં વ્રત, શીલ અને તપની બાહ્ય ક્રિયાથી પરિપૂર્ણ હોય, નવકોટિએ બ્રહ્મચર્ય પાળે, પોતાના માટે કરેલો આહાર પ્રાણ જાય તોપણ ન લ્યે, લોકોને એમ થઈ જાય કે ઓહોહો! શું સાધુ છે!-એવો તો પંચમહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર પાળે—ઇત્યાદિ વ્યવહારચારિત્ર પાળવા છતાં રાગથી ભિન્ન એવી આત્મવસ્તુના જ્ઞાનને શ્રદ્ધાનથી રહિત હોવાથી તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જ છે.

[ શ્રી સમયસાર ગાથા ૨૭૩ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

ખરેખર તો નિશ્ચય જ્યાં હોય ત્યાં વ્યવહાર હોય. છતાં અહીં અભવ્ય જીવ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે તે કહે છે એટલે કે અભવ્ય જીવના દૃષ્ટાંતથી વ્યવહારભાસને—નિશ્ચય વિનાના વ્યવહારને વ્યવહાર કહીને કહે છે કે અભવ્ય જીવ મિથ્યાત્વની મંદતા કરે, કષાયની મંદતા કરે, છતાં આત્મજ્ઞાન નથી, રાગની ક્રિયાથી ભિન્ન ચીજની શ્રદ્ધા નથી તેથી તેનું વ્રત-તપ-શીલ આદિ બધુંય શ્રદ્ધા-જ્ઞાન રહિત હોવાથી અચારિત્ર છે.

જિનવરકહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને
કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.

જેણે કુદેવ-ગુરુની શ્રદ્ધાનો ત્યાગ કર્યો છે, જેને સુદેવ-ગુરુની શ્રદ્ધા એવી પાકી છે કે માથું કપાય પણ અન્યને પગે ન લાગે—એવો મિથ્યાત્વ મંદ છે અર્થાત્ ગ્રહીત મિથ્યાત્વની પકડને મંદ કરી નાખી છે. અનાદિના અગ્રહીત મિથ્યાત્વનો સદ્ભાવ છે પણ

તેને કષાયની એટલી મંદતા કે જેને અહીં શીલમાં નાખેલ છે એવી કષાયની મંદતા જેને છે તથા તપથી પરિપૂર્ણ એટલે કે તપની પરિપૂર્ણતાનો ભાવ હોય છે. નિશ્ચયનયની વાત નથી, નિશ્ચયનય તો સમ્યગ્દ્રષ્ટિને જ હોય, અહીં તો બાહ્ય તપની-ક્રિયાની વાત કરી છે. હજારો રાણીઓ ને કરોડોનો વેપાર છોડયો હોય, પોતાના માટે કરેલો આહાર પ્રાણ જાય તોપણ ન લ્યે, અનશન ને ઉણોદરીમાં પરિપૂર્ણ હોય, લોકોને એમ થઈ જાય કે શું સાધુ ને શું તેની ક્રિયા !-એવી કષાયની મંદતા હોય, બ્રહ્મચર્ય પાળે, અનશન આદિ કરે એવો જેને ત્યાગ હોય છતાં તે મિથ્યાદ્રષ્ટિ છે. દેવ-ગુરુનો વ્યવહાર-વિનય ઘણો હોય, તપથી પરિપૂર્ણ હોય, એવી બધી ક્રિયા હોય, પણ એ ક્રિયા રાગની મંદતાની ક્રિયા છે, એ ધર્મ નથી. અગિયાર અંગના શાસ્ત્રનું ભણતર કરે, શાસ્ત્ર-સ્વાધ્યાય, વાંચન, મનન આદિ આખો દિવસ કરે પણ અંતર આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુની દ્રષ્ટિ વિના એ બધો ક્રિયાકાંડનો વ્યવહાર એ બંધનું કારણ ને સંસાર છે.

દેવ-ગુરુનો વિનય, વિકથાનો ત્યાગ, ધર્મધ્યાનનો શુભભાવ કરે, એટલો કષાય મંદ લાગે-રાગની મંદતાના ધ્યાનમાં એટલો ઊતરી ગયો હોય કે બીજાને એમ લાગે કે આહાહા ! શું આચરણ છે !-પણ એ બધું પરલક્ષી છે. મન-વચન-કાયાની ગુપ્તિ બરાબર પાળે, અશુભમાં જવા ન દે, છતાં એ મિથ્યાદ્રષ્ટિ છે. મન-વચન ને કાયાને અશુભથી ગોપવે. શુભની પ્રવૃત્તિ ને અશુભની નિવૃત્તિ-એવી દશા તો અભવ્ય જીવને પણ હોય છે કે જેને કદી એક ભવ પણ ઓછો ન થાય. અભવ્યજીવના દ્રષ્ટાંતથી તો સમજાવ્યું છે.

ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ છે—તેનું જ્ઞાન કર્યા વિના ને તેની દ્રષ્ટિ વિના ગમે તેટલા ક્રિયાકાંડ કરે પણ તે બંધનું કારણ છે. શીલ ને તપથી પરિપૂર્ણ, ત્રણગુપ્તિ પાળે, પાંચ સમિતિ પ્રત્યે સાવધાની રાખે, પ્રમાદ ન રાખે—સાવધાની રાખે કે કોઈ પણ પ્રાણીને દુઃખ થાય તેમ ચાલે નહીં, તેમ બોલે નહીં. જિનેન્દ્ર ભગવાને કહેલાં શીલ ને તપમાં પરિપૂર્ણ ને ગુપ્તિ સમિતિમાં સાવધાની રાખે, અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહાર આદિ મંદ મિથ્યાત્વ હોવા છતાં તે અંતરસ્વરૂપના ચારિત્રથી રહિત છે, આત્માના અનુભવ પૂર્વક જે આનંદના સ્વાદવાળું છે એવા નિશ્ચય ચારિત્રથી રહિત છે. એવું વ્યવહારચારિત્ર અભવ્યજીવ પાળે છે તોપણ ભવ એકેય ઓછો થતો નથી એમ અભવીના દાખલે સમજાવ્યું છે.

જેને આત્મજ્ઞાન નથી, વસ્તુની ખબર નથી, નિર્વિકલ્પ ચિદાનંદ વસ્તુ છે કે જે

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૩ ]

# સ્વયં થતાં શરીરાદિના કાર્યોમાં નિમિત્ત કોણ ?

શરીરની ક્રિયા તથા ક્રોધાદિ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય તો તેના જન્મક્ષણે થયા છે જ, પરદ્રવ્યસ્વરૂપ જે કાર્ય છે તે થયું જ છે એ કાર્યનો આત્મા વ્યાપક ને તે કાર્ય વ્યાપ્ય–એમ વ્યાપ્યવ્યાપકપણે આત્મા પરદ્રવ્યનો કર્તા નથી. કારણ કે જો આત્મા વ્યાપ્યવ્યાપકપણે પરદ્રવ્યનો કર્તા હોય તો તન્મયપણાનો પ્રસંગ આવે એટલે કે બે દ્રવ્યો ભિન્ન ન રહેતાં એક થઈ જાય. શરીરાદિ પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો આત્મા નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ કર્તા થતો નથી. કારણ કે જો પરદ્રવ્યના કાર્યનો આત્મા નિમિત્તકર્તા હોય તો આત્મા તો નિત્ય હોવાથી પરદ્રવ્યના તે તે કાર્યકાળે આત્માને સદાય હાજર રહેવું પડે અર્થાત્ આત્માને નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવી પડે. માટે પરદ્રવ્યના કાર્યનો આત્મા નિમિત્તકર્તા પણ નથી. ત્યારે પરદ્રવ્યના કાર્યમાં નિમિત્ત કોણ ?–કે અનિત્ય એવા યોગ અને ઉપયોગનો જે કર્તા થાય છે એવા અજ્ઞાનીના યોગ અને ઉપયોગ ને પરદ્રવ્યના કાર્યમાં નિમિત્તકર્તા કહેવાય છે. નિમિત્તથી કાર્ય થયું છે એ વાત તો છે જ નહિ, પણ તે તે કાળે પરદ્રવ્યનું જે કાર્ય થયું છે તે કાર્યકાળે અજ્ઞાનીનો રાગ અને કંપન તેમાં નિમિત્ત છે. જ્ઞાની તો યોગ અને ઉપયોગનો અકર્તા હોવાથી જ્ઞાનીના જ્ઞાનમાં યોગ ને ઉપયોગ નિમિત્ત થાય છે.

[ શ્રી સમયસાર ગાથા ૧૦૦ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા વ્યાપ્યવ્યાપકભાવે તો પરદ્રવ્યનો કર્તા નથી પણ નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ પરદ્રવ્યનો કર્તા નથી તે વાત અહીં આચાર્ય મહારાજ સમજાવે છેઃ—

જીવ નવ કરે ઘટ, પટ, નહીં, જીવ શેષ દ્રવ્યો નવ કરે;<br>
ઉત્પાદકો ઉપયોગયોગો, તેમનો કર્તા બને. ૧૦૦.

ખરેખર જે ઘટાદિક પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે એટલે કે દેહની ક્રિયા તથા નવા કર્મનું બંધાવું—ક્રોધાદિક જડકર્મનું બંધાવું તે બન્ને પરદ્રવ્યસ્વરૂપ કાર્ય છે. એ તો છે જ, પણ એમાં નિમિત્ત કોને કહેવું? પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો વ્યાપ્યવ્યાપકભાવે આત્મા કર્તા તો છે જ નહિ પણ પરદ્રવ્યસ્વરૂપ જે કાર્ય છે તે કાર્યમાં નિમિત્ત કોને કહેવું?–તે અહીં કહેવું છે. ઘડો એ કુંભારનું કાર્ય નથી, ઘડો એ માટીનું કાર્ય છે. એ કાર્ય તો એ સમયે થયું જ છે પણ તે કાર્યને નિમિત્ત કોને કહેવું?–એ વાત અહીં છે. નિમિત્તથી કાર્ય થાય એ વાત તો છે જ નહિ, પણ એ કાર્યમાં નિમિત્ત કોને કહેવું? એટલી વાત છે.

## * પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો વ્યાપ્યવ્યાપકભાવે આત્મા કર્તા નથી *

ઘટ–પટ આદિ જડના જે પરિણામ થવાના છે તે તે સમયે છે જ, તેને આ આત્મા વ્યાપ્યવ્યાપકપણે કરતો નથી. જડકર્મના પરિણામ થયા તેનો પરિણામી આત્મા એમ તો નથી. ભાષા થાય છે, હોઠ હલે છે એ કાર્ય છે. તે જડનું કાર્ય છે ખરું, પણ એ કાર્યનો કર્તા આત્મા છે એમ નથી. રોટલીનું કાર્ય એના ક્રમબદ્ધમાં છે પણ એ કાર્યનો કર્તા સ્ત્રીનો આત્મા નથી. કેમ કે જો અન્ય દ્રવ્યના પરિણામનો પરિણામી આત્મદ્રવ્ય થઈ જાય તો પરિણામ પરિણામી એક થઈ જાય એટલે કે તે દ્રવ્યનો નાશ થઈ જાય. માટે જડના પરિણામનો કર્તા આત્મા નથી પણ તેનો નિમિત્તકર્તા કોને કહેવો—એ વાત અહીં કહેવી છે.

કાપડ વણાય છે તેમાં કાપડનું કાર્ય તો કાપડથી જ થયું છે પણ તેમાં નિમિત્ત કોને કહેવું એ વાત ચાલે છે. પરદ્રવ્યસ્વરૂપ ઘટાદિ કે ક્રોધાદિ જડના કાર્યને આત્મા વ્યાપ્યવ્યાપકપણે કરતો નથી. કારણ કે જો કરે તો બે ભિન્ન ભિન્ન દ્રવ્યોને તન્મયપણાનો પ્રસંગ આવે એટલે કે આત્માનો નાશ થઈ જાય. હાથ હલાવવાની ક્રિયા જો આત્મા કરે તો જડ ને આત્માને એકમેકપણાનો પ્રસંગ આવે એટલે કે આત્માનો નાશ થઈ જાય. માટે હાથની હલાવવાની ક્રિયા આત્મા કરતો નથી.

ટોપી માથા ઉપર સરખી ગોઠવે એ ટોપીનું કાર્ય છે, આત્માનું નથી. જો આત્મા કરે તો આત્માને તન્મયપણાનો પ્રસંગ આવે. આહાહા! આ તો જૈનદર્શનનો મહાન સિદ્ધાંત છે. એક દ્રવ્યનું કાર્ય અન્ય દ્રવ્ય કરે તો બે દ્રવ્ય તન્મય થઈ જવાનો પ્રસંગ આવે. માટે એક દ્રવ્યના કાર્યનો કર્તા અન્ય દ્રવ્ય નથી. ત્યારે તે કાર્યમાં નિમિત્ત કોને કહેવું? તે અહીં કહેવું છે.

દાગીનો એ સોનાનું કાર્ય છે. સોનીનો આત્મા તેનો કર્તા નથી. તાવડી ને હાંડલું

એ માટીના કાર્ય છે. જો કુંભાર તેને કરે તો માટી ને કુંભાર બે એક થઈ જાય. ઘટપટાદિ અને જડકર્મના કાર્યનો કર્તા જડ છે. જો આત્મા તેને કરે તો જડ ને આત્મા એક થઈ જાય. માટે પરદ્રવ્યસ્વરૂપ કાર્યને આત્મા કરતો નથી.

ખરેખર ઘટપટ આદિ–જડ પદાર્થ અને જ્ઞાનાવરણીય આદિ જડકર્મ એ પરદ્રવ્યસ્વરૂપ કાર્ય તો ત્યાં છે, પરદ્રવ્યસ્વરૂપ એ કાર્ય તો ત્યાં છે જ, તેના નિજક્ષણે એ કાર્ય તો છે જ. પરદ્રવ્યસ્વરૂપ જે કાર્ય છે એ તો છે જ. તે તે સમયમાં તે તે કાર્ય છે જ. એ પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો આ આત્મા વ્યાપ્યવ્યાપકપણે કર્તા નથી. ઘટપટાદિ કર્મરૂપ પરિણામ અને તેનો પરિણામી આત્મા એ રીતે આ આત્મા તેને કરતો નથી.

ઘટ–પટાદિનું કાર્ય છે તે કાળે તે કાર્ય તો છે જ પણ તે કાળે નિમિત્ત કોણ છે? એટલી જ વાત છે. પરદ્રવ્યસ્વરૂપ કાર્ય તો તેના નિજક્ષણે છે જ, કાર્યને નવું થવું છે એમ નહિ પણ તે તે ક્ષણે જે કાર્ય છે તે કાર્યકાળે નિમિત્ત કોને કહેવું? એટલી જ વાત છે. નોકર્મ અને દ્રવ્યકર્મરૂપ કાર્ય તેના નિજક્ષણે છે જ. એ કાર્યને આત્મા કર્તા થઈને કરતો નથી. કેમ કે જો આત્મા કર્તા થઈને પરદ્રવ્યસ્વરૂપ કાર્યને કરે તો આત્મા તેમાં તન્મય થઈ જાય.

નિમિત્ત આવે તો થાય એ પ્રશ્ન છે જ નહિ. પરદ્રવ્યસ્વરૂપ એ કાર્ય તો તેના કાળે છે જ, જે કાર્ય છે એ તો છે જ, તેમાં નિમિત્ત કોણ કહેવાય એટલી જ વાત છે. નિમિત્ત આવે તો થાય એ વાત છે જ નહિ. તેથી કહે છે કે તે તે કાળે જે કાર્ય છે તેને જો આત્મા કર્તા થઈને વ્યાપ્યવ્યાપકભાવે કરે તો આત્મા પરદ્રવ્યમાં તન્મય થઈ જાય. પરંતુ એમ તો બને નહિ.

## * પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો નિમિત્તનૈમિત્તિકભાવે પણ આત્મા કર્તા નથી *

એ તો ઠીક, પણ એ કાર્યને આત્મા નિમિત્ત છે કે નહિ?–કે પરદ્રવ્યના કાર્યકાળે આત્મા નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ તેને કરતો નથી. કુંભારનો આત્મા નિમિત્ત અને ઘડો નૈમિત્તિક એમ પણ નથી.

નિમિત્ત–નૈમિત્તિકપણે આત્મા પરદ્રવ્યના કાર્યને કરતો નથી. પરદ્રવ્યમાં જે સમયે જે કાર્ય તેના પોતાના ઉપાદાનથી છે તેનો નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ આત્મા કર્તા નથી. રોટલી થઈ એ લોટનું–જડનું કાર્ય છે પણ તેમાં નિમિત્તકર્તા કોણ? જો સ્ત્રીનો આત્મા રોટલીના કાર્યનો નિમિત્તકર્તા હોય તો આત્માને એ ક્રાર્યમાં નિમિત્ત તરીકે સદાય હાજર રહેવાનો પ્રસંગ આવે!

પરદ્રવ્યના કાર્યમાં આત્મા નિમિત્ત છે કે નહિ? પરદ્રવ્યનું કાર્ય ભલે પરથી થયું

પણ આત્મા નિમિત્ત છે કે નહિ? પૈસા આવ્યા પૈસાને કારણે પણ આત્માને નિમિત્ત કહેવો કે નહિ?–કે ના, આત્મા નિમિત્ત પણ નથી. પરદ્રવ્યની દયાના પરિણામ આત્મા કરે માટે પરદ્રવ્ય બચી જાય એમ તો નથી પણ તેનો નિમિત્ત આત્મા છે કે નહિ?–કે ના, જડના તે તે કાળે તેના પરિણામ થયા તેને નિમિત્ત–નૈમિત્તિકભાવે પણ આત્મા કરતો નથી.

આ ૧૦૦મી ગાથા છે ને! તેથી બન્ને દ્રવ્યો–દરેક દ્રવ્યો સો એ સો ટકા સ્વતંત્ર છે એમ સિદ્ધ કરે છે. તેથી કહે છે કે જો પરદ્રવ્યના કાર્યકાળે આત્મા નિમિત્ત હોય તો પરદ્રવ્યના તે તે કાર્યકાળે આત્માને સદાય હાજર રહેવું પડે એટલે કે નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જો આત્મા પરદ્રવ્યના કાર્યમાં નિમિત્ત હોય તો જ્યાં જ્યાં તે કાર્ય થાય ત્યારે નિમિત્ત તરીકે આત્માને હાજર રહેવું પડે અને આત્મા ક્યારેય તેનાથી જુદો પડી શકે નહિ. જો જગતના કાર્યકાળે આત્મા નિમિત્ત હોય તો આત્માને નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે.

પરદ્રવ્યના કાર્યને નિમિત્તપણે પણ આત્મા કરતો નથી. કારણ કે તે અવસ્થામાં આત્મા નિમિત્તકર્તા થાય તો જ્યાં જ્યાં જડની અવસ્થા થાય ત્યાં આત્માને હાજર થવું પડે, આત્મા તેનાથી જુદો પડી ન શકે અર્થાત્ નિત્યકર્તૃત્વનો પ્રસંગ આવે. જગતની જ્યાં જ્યાં અવસ્થા થાય ત્યાં ત્યાં આત્માને હાજર રહેવું પડે. જડના કાર્યકાળે કાર્ય થશે, તેનો કર્તા તો આત્મા નથી પણ તેનો નિમિત્ત તો આત્મા છે કે નહિ? –કે ના, જો આત્મા નિમિત્ત હોય તો સર્વ અવસ્થામાં આત્માને નિમિત્તપણે હાજર રહેવાનો પ્રસંગ આવે.

### * અજ્ઞાનીના યોગ અને ઉપયોગ ને પરદ્રવ્યના કાર્યમાં નિમિત્તકર્તા કહેવાય *

ત્યારે નિમિત્ત કોને કહેવું? પરમાણુની અવસ્થા તેના કાર્યના કાળે થાય, તેનો કર્તા તો આત્મા નથી પણ તેમાં નિમિત્ત પણ આત્મા નથી. ત્યારે નિમિત્ત કોણ?–કે જે રાગનો કર્તા થાય છે, યોગનો–કંપનનો જે કર્તા થાય છે એવા અજ્ઞાનીના યોગ ને ઉપયોગ ને પરદ્રવ્યના કાર્યમાં નિમિત્તકર્તા કહેવાય છે. રાગનો કર્તા થાય છે એવા મિથ્યાદ્રષ્ટિના યોગ ને રાગ ને જગતના પર પદાર્થના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવાય છે. યોગ ને રાગ નિમિત્તકર્તા કહેવાય છે. કોના?–કે જે યોગ ને રાગનો કર્તા થાય છે એવા અજ્ઞાનીના યોગને અને રાગને પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવામાં આવે છો.

પરદ્રવ્યનું કાર્ય તો થયું છે પણ તેના કાર્યકાળમાં અજ્ઞાનીના યોગ ને ઉપયોગ તેમાં નિમિત્ત છે. દાળ–ભાત–શાક–રોટલી ખાતા તેને ચાવવાની ક્રિયા થાય તેમાં

અજ્ઞાનીના અનિત્ય એવા રાગ ને યોગ નિમિત્ત થાય છે. જે રાગનો કર્તા થાય છે એવા અજ્ઞાનીના રાગ ને પ્રદેશનું કંપન પરદ્રવ્યની ક્રિયામાં નિમિત્ત થાય છે. જડનું કાર્ય એના કાર્યકાળે થાય છે ત્યારે તેમાં નિમિત્ત કહેવું કોને ?–કે જે રાગ ને જોગનો કર્તા છે એવા અજ્ઞાનીના જોગને અને રાગ ને નિમિત્તકર્તા કહેવામાં આવે છે.

અક્ષર લખાય છે તે પરમાણુની ક્રિયા છે. તેનો કર્તા આત્મા નથી, પણ અક્ષર લખવાના કાર્યકાળે નિમિત્ત પણ આત્મા નથી. ત્યારે નિમિત્ત કોણ ?–કે અક્ષર લખવાના કાર્યકાળે યોગ ને ઉપયોગ નિમિત્ત કહેવાય. પણ કોના ?–કે જેની દ્રષ્ટિ યોગ અને રાગ ઉપર છે, રાગનો જે કર્તા છે એવા મિથ્યાદ્રષ્ટિના યોગ ને ઉપયોગ જ લખવાના કાર્યકાળે નિમિત્ત છે. લખવાના કાળે જે ઈચ્છા થઈ તેનો કર્તા અજ્ઞાની છે તેથી અજ્ઞાનીના રાગ ને યોગ લખવાના કાર્યકાળે તેમાં નિમિત્ત છે.

અજ્ઞાનથી આત્મા પોતાના વિકલ્પને ને આત્મપ્રદેશોના ચલન–કંપનને કરે છે. જ્યાં સુધી મિથ્યાદ્રષ્ટિ છે, ત્યાં સુધી સ્વરૂપના અજ્ઞાનને લઈને રાગને ને જોગને કરે છે. તેથી અજ્ઞાનીના રાગ ને યોગ અક્ષર લખવાના કાર્યકાળમાં નિમિત્ત છે, પરંતુ અક્ષર લખવાની ક્રિયાનો કર્તા આત્મા નિમિત્તપણે પણ કદી નથી.

યોગ અને ઉપયોગ અનિત્ય છે તે પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્ત થાય છે. અનિત્ય એવા રાગ અને કંપન પરદ્રવ્યસ્વરૂપ કાર્યના કાળમાં તેનો નિમિત્તકર્તા છે એમ જાણવું. રોટલી થવાના કાર્યકાળમાં એ કાર્ય તો ત્યાં થયું જ છે પણ તેમાં યોગ અને ઉપયોગ નિમિત્તકર્તા કહેવાય છે.

કોના યોગ અને ઉપયોગને પરદ્રવ્યના કાર્યમાં નિમિત્ત કર્તા કહેવાય ?–કે અજ્ઞાની યોગ ને ઉપયોગનો કર્તા થતો હોવાથી અજ્ઞાનીના યોગને ને ઉપયોગને પરદ્રવ્યના કાર્યમાં નિમિત્તકર્તા કહેવાય છે. અજ્ઞાનથી અજ્ઞાની યોગ અને ઉપયોગનો કર્તા થાય છે તેથી અજ્ઞાની યોગ ને ઉપયોગનો ઉપાદાનપણે કર્તા છે અને તેના યોગને અને ઉપયોગને પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવાય છે. જે જીવ અજ્ઞાનથી યોગને ઉપયોગનો ઉપાદાનકર્તા છે તેના યોગ ને ઉપયોગ ને પરદ્રવ્યના કાર્યકાળે નિમિત્તકર્તા કહેવાય છે.

## * જ્ઞાનીના જ્ઞાનમાં યોગ ને ઉપયોગ નિમિત્ત થાય છે *

જેને વીતરાગસ્વરૂપ આત્માનું જ્ઞાન થયું છે એવા જ્ઞાનીને જ્ઞાનમાં યોગ ને ઉપયોગ નિમિત્ત છે. રોટલીનો કટકો હાથેથી ઉપડયો તેમાં રોટલીના સ્થળાંતરના એ કાર્યનો કર્તા કે નિમિત્તકર્તા તો આત્મા નથી પણ અજ્ઞાનીના યોગ અને ઉપયોગ ને તેના નિમિત્તકર્તા કહેવાય છે. જડના કાર્યકાળે કોનો યોગ અને ઉપયોગ નિમિત્તકર્તા થાય છે ?–કે જે

યોગ ને ઉપયોગનો કર્તા થાય છે એવા અજ્ઞાનીનો યોગ અને ઉપયોગ નિમિત્તકર્તા કહેવાય છે. જ્ઞાની તો યોગ–ઉપયોગનો અકર્તા હોવાથી જ્ઞાનીના જ્ઞાનમાં યોગ ને ઉપયોગ નિમિત્ત થાય છે.

૨૫–૫૦ હજાર રૂપિયા મંદિર ખાતે દાનમાં આપ્યા. ત્યાં પૈસા જવાનું કાર્ય તો પુદ્‌ગલનું છે. તેનો કર્તા આત્મા કહો તો આત્મા ને પુદ્‌ગલ એક થઈ જાય. જો નિમિત્તપણે આત્માને તેનો કર્તા કહો તો જ્યાં જ્યાં એવા કાર્ય થાય ત્યાં આત્માને સદાય હાજર રહેવું પડે માટે નિમિત્તકર્તા પણ આત્મા નથી. ત્યારે નિમિત્ત કોણ?–કે પૈસા જવાના કાર્યમાં આત્માના અનિત્ય એવા યોગ ને રાગ નિમિત્તકર્તા કહેવાય પણ કોનો?–કે અજ્ઞાની જ્યાં સુધી અજ્ઞાનપણે યોગ ને રાગનો કર્તા થાય છે ત્યાં સુધી અજ્ઞાનીના યોગને ને રાગને, પુદ્‌ગલનું તે કાર્ય થયું છે તે કાળે, તેમાં નિમિત્ત કહેવાય છે. પરંતુ જિનસ્વરૂપી આત્માનું જેને જ્ઞાન થયું છે એવા જ્ઞાનીને જ્ઞાનમાં એ યોગ અને રાગ નિમિત્ત થાય છે. યોગ ને રાગ આત્માના સ્વરૂપમાં નથી, એના સ્વરૂપમાં તો વીતરાગતા ઠસોઠસ ભરી છે. એવા આત્માની દ્રષ્ટિ થઈ છે તેને યોગ અને રાગ એના નથી પણ યોગ અને રાગનું જ્ઞાન થયું એ ધર્મીનું છે તેથી ધર્મીના જ્ઞાનમાં યોગ અને રાગ નિમિત્ત થાય છે.

દ્રવ્યસ્વભાવની જેને દ્રષ્ટિ થઈ છે તે યોગ ને રાગનો કર્તા થતો નથી, તેથી પરદ્રવ્યના કાર્યમાં જ્ઞાનીના યોગ અને રાગ નિમિત્ત પણ નથી. પરંતુ એ યોગ અને રાગ ધર્મીના જ્ઞાનમાં નિમિત્ત થાય છે, એ જ્ઞાનનો ઉપાદાનકર્તા પોતે પણ એ જ્ઞાનમાં યોગ અને રાગ ને નિમિત્ત કહેવાય. ભગવાનશ્રી કુંદકુંદદેવ કહે છે કે શાસ્ત્રરચના કાળે અમારા જ્ઞાનમાં એ કાર્ય ને રાગ નિમિત્ત હતા, અમે તો એ કાર્યમાં નિમિત્ત પણ ન હતા.

અજ્ઞાનપણે આત્મા યોગ અને રાગનો કર્તા હો પણ અજ્ઞાનપણે પણ પરદ્રવ્યનો કર્તા તો કદી નથી. રાગ ને યોગનો જે કર્તા થાય છે એવા અજ્ઞાનીના રાગ ને યોગ પરદ્રવ્યના કાર્ય કાળે નિમિત્ત છે. પરંતુ જેની દ્રષ્ટિ સ્વભાવ ઉપર છે એવા જ્ઞાનીના રાગ ને યોગ તો પરદ્રવ્યના કાર્યમાં નિમિત્ત પણ નથી, ઉલટાનું જ્ઞાનીના જ્ઞાનમાં રાગ ને યોગ નિમિત્ત થાય છે. પોતાનું જ્ઞાન પોતાથી જે સ્વપર પ્રકાશક થયું એ જ્ઞાનમાં તેના યોગ ને ઉપયોગ નિમિત્ત છે.

જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી ઇચ્છા ને કંપનનો આત્મા કર્તા છે, પરંતુ પરદ્રવ્યસ્વરૂપ કાર્યનો તો નિમિત્તકર્તા પણ કદી આત્મા નથી.

## હે જગતના જીવો !
## તમે પણ જ્ઞાનાનંદાત્મક પરમાત્માને પ્રાપ્ત કરો જ

અનાદિથી આ અજ્ઞાની જીવે હું જ્ઞાનાનંદાત્મક પરમાત્મતત્ત્વ છું એવી દ્રષ્ટિ નહીં કરી હોવાથી, મોહના અનુભવની પ્રબળતા વડે આત્મપરિણતિ બહિર્લક્ષમાં અત્યંત ઘૂમરી ખાઈ રહી છે. અનંત પ્રકારની જાણનક્રિયામાં પર પદાર્થ માત્ર નિમિત્ત હોવા છતાં મોહના અનુભવના પ્રભાવને લીધે, પર પદાર્થના લઈને જાણવું થયું છે એમ માનીને પર પદાર્થોમાં અત્યંત મૈત્રી કરતો થકો રાગાદિરૂપ પરિણમતો થકો આત્મપ્રાપ્તિથી દૂર જ રહ્યો છે. પરંતુ તે જીવ જ્યારે સવળો પડે છે ત્યારે સમ્યગ્દર્શનમાં નિમિત્ત કોણ હોય તેના યથાર્થજ્ઞાન પૂર્વક જ્યારે ભેદવિજ્ઞાન વડે આત્મા અને મોહને જુદા પાડે છે ત્યારે આત્મ–અનુભવ થાય છે. આત્મ–અનુભવ થતાં આત્મવૃત્તિ અત્યંત અંતર્મુખ વર્તતા જ્ઞપ્તિક્રિયામાં નિમિત્તભૂત જ્ઞેયોમાં મૈત્રી નહીં રહેવાથી તે જીવ રાગાદિરૂપ નહીં પરિણમતો થકો, સ્વરૂપમાં અતિ નિષ્કંપ રહેતો થકો અપૂર્વ એવા આત્માને અત્યંતપણે પ્રાપ્ત કરે છે.

[ શ્રી પ્રવચનસાર, પરિશિષ્ટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આત્મા કેવો છે તે ૪૭ નય દ્વારા આચાર્ય મહારાજે શિષ્યને સમજાવ્યું ત્યારે શિષ્યે અત્યંત જિજ્ઞાસા પૂર્વક પૂછયું કે પ્રભુ! આવો પરમાનંદસ્વરૂપ આત્મા મને પ્રાપ્ત કેમ થાય? તેને ઉત્તરરૂપે આચાર્ય મહારાજ કહે છે કે સાંભળ! આત્મપ્રાપ્તિ દૂર કેમ રહી ને આત્મપ્રાપ્તિ કેમ થાય તે હું તને કહું છું :–

### * આત્મપ્રાપ્તિ કેમ દૂર રહી ? *

અનાદિથી આ જીવે, અજ્ઞાનદશાને કારણે પુદ્‌ગલકર્મ જેનું નિમિત્ત છે એવા

મોહના–મિથ્યાત્વના અનુભવના પ્રભાવને લીધે, હું પોતે જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છું એવી દ્રષ્ટિ કરી નથી, પામરતાના સ્વીકાર આડે પોતાની પ્રભુતાનો કદી વિશ્વાસ કર્યો નથી, વર્તમાન વર્તતી પામર દશા વખતે પણ હું તો પરિપૂર્ણ શક્તિમાન પરમેશ્વર તત્ત્વ છું એમ ભાસ્યું નથી.

તેથી પુદ્‌ગલકર્મ જેનું નિમિત્ત છે એવા મોહના અનુભવના પ્રભાવથી આત્મ–પરિણતિ સદાય ઘૂમરી ખાય છે. જેમ ભમરડો એકદમ ઘૂમરી ખાય તેમ મિથ્યાત્વના પ્રભાવથી આત્મપરિણતિ ઘૂમરી ખાય છે. મિથ્યાત્વમાં નિમિત્ત પુદ્‌ગલકર્મ છે પણ તેના લઈને મિથ્યાત્વ છે તેમ નથી. એ મિથ્યાત્વભાવરૂપ મોહના પ્રભાવને લીધે અર્થાત્ મોહના અનુભવને લીધે આત્મદ્રવ્યની દશા સદાય ઘૂમરી ખાય છે, એક સમય પણ આત્મપરિણતિ સ્થિર થતી નથી. અસંખ્ય પ્રકારના પુણ્ય ને પાપ, પાપ ને પુણ્ય એમ ચકરાવો ખાય છે.

એ રીતે પર્યાયમાં સદાય ઘૂમરી ખાતો થકો સમુદ્રની માફક આત્મા પોતામાં જ ક્ષુબ્ધ થતો થકો ક્રમે પ્રવર્તતી ક્ષયોપશમની વ્યક્તિઓ વડે ચકરાવો મારે છે. જાણવાની પર્યાયની પ્રગટતાઓ વડે ત્યાં ને ત્યાં ઘૂમરી ખાધા કરે છે. અગિયાર અંગનું જ્ઞાન થાય કે શાસ્ત્રનું ગમે તે જાણપણું થાય પણ એ ક્ષયોપશમની પ્રગટદશાઓ વડે ઘૂમરી ખાધા કરે છે.

સહજાનંદપ્રભુની ક્રમે પ્રવર્તતી જ્ઞપ્તિક્રિયાઓ વડે આત્મા ઘૂમરી ખાય છે એમ કહ્યું. રાગની ક્રિયા તો દૂર રહી ગઈ પણ રાગ ને જાણવાની ક્રિયા, એવી ભિન્ન ભિન્ન અનંતી જાણવાની ક્રિયાઓ વડે ચકરી ખાય છે. એકને જાણે, બીજાને જાણે પણ જાણનારને જાણે નહીં એવી અનંત પદાર્થોને જાણવાની અનંતી જ્ઞપ્તિક્રિયાઓ વડે ઘૂમરી ખાય છે, પરિવર્તન પામે છે. જાણવાની ક્રિયાઓમાં જ્ઞેયભૂત પદાર્થો નિમિત્ત છે, ક્રમે ક્રમે પ્રગટ થતી જાણવાની પર્યાયમાં બાહ્ય પદાર્થ નિમિત્ત છે અને તેના તરફ લક્ષ હોવાથી બાહ્ય પદાર્થોમાં મૈત્રી પ્રર્વતે છે.

અનંત પદાર્થો જ્ઞપ્તિક્રિયાઓમાં નિમિત્ત થઈને જ્ઞેયભૂત વર્તે છે. અરિહંત, દેવ –શાસ્ત્ર–ગુરુ, સ્ત્રી–પુત્ર આદિ તો જ્ઞપ્તિક્રિયાઓમાં નિમિત્ત થતાં જ્ઞેયો છે, પણ તેનાથી મને જ્ઞાન થયું એવી માન્યતાથી એમાં પ્રેમ વર્તે છે. જ્ઞાનની પ્રગટ દશાઓમાં નિમિત્તભૂત બાહ્યપદાર્થો હોવાથી તેને બાહ્યપદાર્થમાં મૈત્રી પ્રવર્તે છે. ભગવાન આત્મામાં મૈત્રી વર્તવી જોઈએ તેના બદલે જાણવાની પર્યાયમાં નિમિત્ત થતાં બાહ્ય

પદાર્થોમાં મૈત્રી વર્તે છે. જ્ઞપ્તિક્રિયામાં પરપદાર્થ નિમિત્ત છે તેથી પરપદાર્થમાં મૈત્રી વર્તે છે. ભગવાનની વાણી સાંભળી માટે જ્ઞાન થયું, શાસ્ત્ર વાંચ્યું માટે જ્ઞાન થયું, ગુરુના લઈને મને જ્ઞાન થયું—એમ જ્ઞાનની પ્રગટ દશામાં નિમિત્તભૂત પદાર્થમાં મૈત્રી વર્તે છે.

પર્યાયમાં ક્રમે ક્રમે અનંત પ્રકારની જ્ઞાનની પ્રગટ દશા છે અને તેમાં નિમિત્ત બાહ્ય પદાર્થ છે તેથી નિમિત્તમાં બાહ્ય પદાર્થમાં મૈત્રી વર્તે છે. આહાહા! અમૃતચંદ્રાચાર્યદેવે પ્રવચનસારની ટીકા કરીને પરિશિષ્ટ બનાવીને કળશ ચઢાવ્યો છે! કહે છે કે પર્યાયમાં જ્ઞાનની પ્રગટ દશામાં બાહ્યપદાર્થ નિમિત્ત છે ને તારી દ્રષ્ટિ ત્યાં છે તેથી તને ત્યાં પ્રેમ વર્તે છે, મૈત્રી વર્તે છે, ત્યાં રોકાઈ ગયો છે.

આ ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવી હોવા છતાં તેની અવસ્થામાં જાણવાના અનેક પ્રકાર છે તેમાં તેને પ્રેમ છે તેથી જાણવાના પ્રકારમાં બાહ્ય જે પદાર્થો નિમિત્ત થાય તેમાં તેને પ્રેમ વર્તે છે. તેથી આત્મવિવેક શિથિલ થયો હોવાથી બાહ્ય પદાર્થથી નહીં પણ બાહ્ય પદાર્થના આશ્રયે રાગદ્વેષરૂપે પરિણમે છે. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય સાથે મૈત્રી વર્તવી જોઈએ, જેની પર્યાય છે એવા દ્રવ્ય સાથે મૈત્રી વર્તવી જોઈએ તેને ઠેકાણે જાણવામાં જે નિમિત્ત છે એવા બાહ્ય પદાર્થોમાં મૈત્રી વર્તે છે. અજ્ઞાનીને અજ્ઞાન દશામાં પરપદાર્થ નિમિત્ત છે તેથી પરપદાર્થોમાં અજ્ઞાની પ્રેમ કરે છે અને તેથી અજ્ઞાની રાગ–દ્વેષરૂપે પરિણમે છે.

ભગવાન પૂર્ણાનંદના નાથ પ્રત્યે જેને રુચિ નથી ને બાહ્ય પદાર્થોમાં રુચિ છે તેને ભગવાન પ્રત્યે દ્વેષ છે. તારો નાથ અતીન્દ્રિય આનંદનો પ્રભુ છે તેને જોવાની તને દરકાર ન મળે ને બાહ્યપદાર્થો જોવાનો તને પ્રેમ થયો તેથી આત્મવિવેક શિથિલ થયો છે. જે બાદશાહના દર્શન થવા જોઈએ એના બદલે તું બહારમાં જ ભટકયા કરે છે. પ્રભુ! તેથી તને આત્માની પ્રાપ્તિ દૂર જ થઈ ગઈ.

જાણવાની પર્યાયમાં નિમિત્તભૂત એવા બાહ્યપદાર્થમાં મૈત્રી પ્રવર્તતી હોવાથી આત્મવિવેક શિથિલ થઈ ગયો છે અર્થાત્ આત્મવિવેક વિપરીત થઈ ગયો છે. પર્યાયમાં જ્ઞાનની ભિન્ન ભિન્ન પ્રગટતા થાય છે તેમાં બાહ્યપદાર્થ નિમિત્ત છે. તેથી ત્યાં મૈત્રી પ્રવર્તે છે. તેથી તારો આત્મવિવેક શિથિલ અર્થાત્ વિપરીત થઈ ગયો છે, ભેદજ્ઞાન વિપરીત થઈ ગયું એટલે કે પરમાં અભેદજ્ઞાન થઈ ગયું છે. તેથી અત્યંત

બહિર્મુખ એવો તે ફરી પુદ્‌ગલકર્મને રચનારા રાગાદિરૂપ પરિણમે છે તેથી તેને આત્મપ્રાપ્તિ દૂર જ છે.

## * આત્મપ્રાપ્તિકાળે નિમિત્તની ઉપસ્થિત *

આત્માની પ્રાપ્તિ દૂર કેમ રહી તે દર્શાવીને હવે આચાર્ય મહારાજ આત્મ-પ્રાપ્તિકાળે કેવા નિમિત્તો હોય તેનું જ્ઞાન કરાવે છે. નિમિત્તથી આત્મપ્રાપ્તિ થાય એમ કહેતાં નથી, આત્મપ્રાપ્તિની રીત પછી દર્શાવશે પણ એ આત્મપ્રાપ્તિકાળે નિમિત્ત કેવો હોય તેનું જ્ઞાન કરાવે છે.

જેને આત્મપ્રાપ્તિ દૂર રહી છે તે અજ્ઞાની જીવ જ્યારે સવળો પડે છે એટલે કે તે જીવને જ્યારે આત્મપ્રાપ્તિની જિજ્ઞાસા જાગે છે ત્યારે તે પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે. આ કથન બહુ સમજવા જેવું છે. ત્રિકાળ નિરાવરણ અખંડ એક નિજ શુદ્ધાત્મદ્રવ્યના આશ્રયે જ સમ્યગ્જ્ઞાન થાય છે પરંતુ પ્રારંભમાં નિજ શુદ્ધાત્મદ્રવ્યના નિર્ણયના પુરુષાર્થ સાથે દેવ-શાસ્ત્ર-ગુરુ કે તત્ત્વો સંબંધી તીવ્ર શુભરાગ-પ્રચંડ કર્મકાંડ હોય છે તેથી નિમિત્તનું જ્ઞાન કરાવવાની મુખ્યતાથી પ્રચંડ કર્મકાંડ વડે અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરે છે તેમ કહ્યું છે. એ રીતે નિમિત્તની વાત કરીને, કોઈ એમ માને કે આત્મપ્રાપ્તિ તો પોતાના ઉપાદાન કારણથી જ થતી હોવાથી કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની શ્રદ્ધા હોય તોપણ આત્મપ્રાપ્ત થઈ શકે તો એ વાતનું ખંડન કર્યું છે.

## * આત્મપ્રાપ્તિની રીત *

એવો તે જીવ અખંડ જ્ઞાનકાંડને પ્રચંડ કરીને એટલે કે સ્વભાવની એકાગ્રતાની ક્રિયાને પ્રચંડ કરીને આત્મામાં જાય ત્યારે જ્ઞાનનો ધારા પ્રવાહ પ્રગટ કરીને, રાગનો હું સ્વામી છું એવી એકતાબુદ્ધિરૂપ મોહ ઘાતક છે ને આત્માની પર્યાય વધ્ય અર્થાત્ ઘાત થવા લાયક છે એમ વધ્યઘાતકના ભેદવિજ્ઞાન પૂર્વક મોહને ને આત્માને જુદા પાડીને આત્માનો અનુભવ કરે છે.

અનાદિ અજ્ઞાન દશામાં જીવને એવો ભ્રમ હતો કે જ્ઞાનની ભિન્ન ભિન્ન અવસ્થાઓ પરજ્ઞેયોના કારણે થાય છે તેથી પરજ્ઞેયોમાં જ લક્ષ રહેતું હતું; પણ હવે જ્યારે જ્ઞાનકાંડ વડે એમ જાણ્યું ને માન્યું કે જ્ઞાનની ભિન્ન ભિન્ન દશાઓ પરજ્ઞેયોથી થતી નથી પણ જ્ઞાનની સ્વ-પર પ્રકાશક શક્તિના કારણે થાય છે અને એ જ્ઞાનની

ભિન્ન ભિન્ન પર્યાયોથી પણ ભિન્ન ત્રિકાળી અખંડ જ્ઞાયકભાવ તે હું છું—ત્યારે આત્માનો અનુભવ થતાં આત્મભાવનાના પ્રભાવ વડે પરિણતિ નિશ્ચળ કરે છે.

એ રીતે આત્મભાવનાના–અનુભવના પ્રભાવ વડે, પૂર્વે જે આત્મપરિણતિ ઘૂમરી ખાતી હતી તે આત્મપરિણતિ નિશ્ચળ કરીને, સમુદ્રની માફક પોતામાં જ અતિ નિષ્કંપ રહેતો થકો, એકીસાથે જ અનંત જ્ઞપ્તિવ્યક્તિઓમાં વ્યાપતો હોવાથી બિલકુલ પરિવર્તન પામતો નથી. આત્મપરિણતિ અંદરમાં જ નિશ્ચળતા પામી હોવાથી જાણનક્રિયામાં વ્યાપીને બિલકુલ પરિવર્તન નહીં પામતો થકો અંદરમાં જ નિષ્કંપ રહે છે. તેથી જાણનક્રિયામાં નિમિત્તભૂત બાહ્યપદાર્થોમાં હવે તેને મૈત્રી પ્રવર્તતી નથી.

આ રીતે પરમાં, નિમિત્તમાં, રાગમાં કે પર્યાયમાં જેને મૈત્રી રહી નથી તેને આત્મવિવેક સુપ્રતિષ્ઠિત થવાથી, અત્યંત અંતર્મુખ થવાને લીધે, પૌદ્‌ગલિક કર્મોને રચનારા રાગ–દ્વેષ પરિણતિથી દૂર થઈને પૂર્વે નહીં અનુભવેલા અપૂર્વ જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન આત્માને અત્યંતપણે પ્રાપ્ત કરે છે.

અનાદિ અજ્ઞાની જીવ આત્મપ્રાપ્તિથી દૂર કેમ રહ્યો છે ને આત્મપ્રાપ્તિ કેવી રીતે થાય તે સમજાવીને અંતમાં અત્યંત કરુણાપૂર્વક આશીર્વચન કહે છે કે હે જગતના જીવો, તમે પણ આ રીતે ચૈતન્યસ્વભાવી અખંડ ત્રિકાળી નિજ પરમાત્માને પ્રાપ્ત કરો જ.

[ જિનવરે કહેલાં વ્રત આદિ....... પાનું ૧૨ થી ચાલુ ]

આવા વ્યવહારથી તો જણાતો–પમાતો નથી પણ નયના વિકલ્પથી પણ જણાતો નથી, ઇન્દ્રિયથી પ્રત્યક્ષ થાય એવો ચૈતન્યપ્રભુ નથી, એ તો અતીન્દ્રિયજ્ઞાનથી પ્રત્યક્ષ થાય એવો છે, એને જેણે જાણ્યો નથી એવો અભવી જીવ પંચ મહાવ્રત આદિ વ્યવહાર–ચારિત્ર પાળે છતાં તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ છે.

પહેલા આવો નિર્ણય તો કરે ! ભલે વિકલ્પમાં ઊભો છે પણ એમ નિર્ણય તો કરે કે નિર્વિકલ્પથી જણાય એવો આત્મા છે, એ સિવાય બાહ્ય ક્રિયાકાંડ કરે તોપણ જણાય એવો નથી. અહીં કહે છે કે આત્માના સમ્યગ્દર્શન વિના આત્માના જ્ઞાન વિના આવું વ્યવહારચારિત્ર પાળે છતાં તે નિશ્ચયચારિત્ર રહિત અજ્ઞાની ને મિથ્યાદ્રષ્ટિ અચારિત્રી જ છે. કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ સમ્યગ્જ્ઞાન–શ્રદ્ધાથી શૂન્ય છે અર્થાત્ નિશ્ચયચારિત્રનું મુખ્ય કારણ જે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન તે તો તેને નથી. ❈

# * ક્રમબદ્ધપર્યાય : એક અનુશીલન *

છેવટે આપને એ જ કહેવું પડશે કે શાસ્ત્રોમાં લખ્યું છે અને શાસ્ત્ર સર્વજ્ઞકથિત છે. જો આપ આટલો સ્થૂળ એક લાખ યોજનનો સુમેરુ પર્વત પણ સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમ વિના સિદ્ધ નથી કરી શકતા તો પછી 'ક્રમબદ્ધપર્યાય' જેવો સૂક્ષ્મ વિષય સમજાવવામાં અમને સર્વજ્ઞ અને સર્વજ્ઞકથિત આગમનો આશ્રય છેડવાનું શામાટે કહો છો ?

શું આપને સર્વજ્ઞતા અને સર્વજ્ઞકથિત આગમમાં વિશ્વાસ નથી ? જો છે, તો પછી એવી વાત શામાટે ? સર્વજ્ઞતાનો આધાર છોડાવવાની હઠ શામાટે ? લાગે છે તો એમ કે આપને પોતાને સર્વજ્ઞતા ઉપર પૂરો ભરોસો નથી અથવા સર્વજ્ઞતાનું સ્વરૂપ આપની દ્રષ્ટિમાં પૂરી રીતે સ્પષ્ટ નથી અને સર્વજ્ઞની સત્તાનો ઇન્કાર કરવાની હિંમત પણ નથી. તેથી કોઈને કોઈ બહાને આ સમર્થ હેતુથી પોતાનો જીવ છોડાવવા ઇચ્છો છો.

સારું, એક મિનિટ 'ક્રમબદ્ધપર્યાય' ની વાત છોડી ઘો, તોપણ 'સર્વજ્ઞતા'નો નિર્ણય તો કરવો જ પડશે. તેના વિના તો દેવ-શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ જ સ્પષ્ટ નહિ થાય. દેવ-શાસ્ત્ર-ગુરુની રક્ષાના પોકારો કરનારાઓએ કદી દેવ-શાસ્ત્ર-ગુરુના સાચા સ્વરૂપ ઉપર પણ ધ્યાન દેવાનું કષ્ટ લીધું છે ? શું સર્વજ્ઞતાને સમજ્યા વિના દેવ -શાસ્ત્ર-ગુરુનું સ્વરૂપ સમજી કે સમજાવી શકાય છે ?

આગમના સંરક્ષકોને શું એ પણ બતાવવું પડશે કે આગમની સૌથી પહેલી શરત છે-તેનું સર્વજ્ઞકથિત (આપ્તોપજ્ઞ[1]) હોવું. તથા સર્વજ્ઞકથિત આગમ નિશ્ચિત -ભવિષ્યની અસંખ્ય ઘોષણાઓથી ભર્યું પડયું છે.

શું કરણાનુયોગનો એક પણ વિષય સર્વજ્ઞકથિત આગમના આધાર વિના સિદ્ધ કરી શકાય છે ? શું આપ આઠ કર્મોની સત્તા, તેમનો બંધ, ઉદય, સંક્રમણ, ઉત્કર્ષણ, અપકર્ષણ, ઉદ્વેલન વગેરે સર્વજ્ઞકથિત આગમના આધાર વિના સિદ્ધ કરી શકશો ? એ જ રીતે અધઃકરણ અપૂર્વકરણ, અનિવૃત્તિકરણના પરિણામોની સિદ્ધિનો આધાર શું બનાવશો ?

આ બધા અને આ જ જાતના બીજા વિષયોના પઠન-પાઠન સમયે આપને એ

---

૧. આચાર્ય સમન્તભદ્ર : રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૯.

પ્રશ્ન કેમ ઉપસ્થિત ન થયો કે સર્વજ્ઞકથિત આગમના આધાર વિના એને સિદ્ધ કરવામાં આવે, આજે જ આ નવો પ્રશ્ન શામાટે ?

ભાઈ ! જે કહેવામાં આવ્યું છે કે સર્વજ્ઞ ધર્મનું મૂળ છે, તે પ્રમાણે ધર્મરક્ષકોએ સર્વજ્ઞનો નિર્ણય તો કરવો જ પડશે. આખરે એક જૈનદર્શન જ એવું દર્શન છે જે પ્રત્યેક આત્માને પરમાત્મા બનવાની ( શક્તિ હોવાની ) વાત કરે છે; વાત જ નથી કરતું, પરમાત્મા બનવાનો માર્ગ બતાવે છે, તેના ઉપર ચાલવાની પ્રેરણા આપે છે અને છાતી ઠોકીને વિશ્વાસ અપાવે છે કે આ માર્ગે ચાલનાર અવશ્ય પરમાત્મા બને છે.

શું પરમાત્મા બનવા પહેલા પરમાત્માનું સ્વરૂપ સમજવું જરૂરી નથી ? જો છે, તો પછી સર્વજ્ઞતાની ચર્ચાથી વિરામ પામવાનો આગ્રહ શામાટે ? ક્રમબદ્ધપર્યાયનું જ શું, આચાર્યોએ તો સમસ્ત જિન–સિદ્ધાંતોનું પ્રતિપાદન સર્વજ્ઞતાના આધારે જ કર્યું છે. આપણે કયા કયા સિદ્ધાંતના પ્રતિપાદનમાં સર્વજ્ઞ અને સર્વજ્ઞકથિત આગમને તિલાંજલિ આપીશું ?

પરમાત્મા બનવા માટે શું પોતાના આત્માને જાણવા–અનુભવવાનું આવશ્યક નથી ? આચાર્ય કુન્દકુન્દના ઉક્ત કથનમાં તો સ્પષ્ટ જ લખ્યું છે કે જે અરિહંતને દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને જે આત્માને જાણે છે તે મોહનો નાશ કરે છે.

ઉક્ત કથનમાં સ્પષ્ટ નિર્દેશ છે કે મોહનો નાશ કરવા માટે પોતાના આત્માને જાણવો જરૂરી છે અને પોતાના આત્માને જાણવા પહેલાં અરિહંત ( સર્વજ્ઞ )ને જાણવા જરૂરી છે.

શું દેવ–શાસ્ત્ર–ગુરુની રક્ષા તેમનું સ્વરૂપ જાણ્યા વિના જ થઈ જશે ? તેઓ તો પોતાના સ્વરૂપમાં સદા સુરક્ષિત જ છે, તેમને આપણી સુરક્ષાની આવશ્યકતા નથી. જો આપણે આપણી સુરક્ષા કરવી હોય તો તેમનું સાચું સ્વરૂપ સમજીએ. એમાં જ આપણી અને આપણા ધર્મની સુરક્ષા છે.

આગળ ચાલતાં તે જ પ્રવચનસારની ૮૨ મી ગાથામાં કુન્દકુન્દાચાર્ય ઘોષણા કરે છેઃ–

બધા અરિહંત ભગવાનોએ તે જ વિધિથી કર્મોનો ક્ષય કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો છે. અન્ય આત્માઓને પરમાત્મા બનવાનો ઉપદેશ પણ તે જ આપ્યો છે અર્થાત્ તે જ માર્ગ બતાવ્યો છે–એવા અરિહંતોને નમસ્કાર હો.

તે જ વિધિથી અર્થાત્ ૮૦-૮૧ મી ગાથામાં બતાવેલી વિધિથી તેમણે પોતે મોક્ષ પ્રાપ્ત કર્યો તથા ઉપદેશ પણ તે જ આપ્યો. ૮૦-૮૧ મી ગાથામાં બતાવવામાં આવ્યું છે કે જે અરિહંત ભગવાનને દ્રવ્યરૂપે, ગુણરૂપે અને પર્યાયરૂપે જાણે છે, તે પોતાના આત્માને જાણે છે અને તેનો મોહ નાશ પામે છે. ત્યાર પછી રાગ-દ્વેષને છોડીને શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે અર્થાત્ પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરે છે.

આ જ વિધિ સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાની છે, જેનાથી સર્વ અરિહંતોએ સર્વજ્ઞતા પ્રાપ્ત કરી છે અને પ્રાપ્ત કરવાનો ઉપદેશ આપ્યો છે. ટીકામાં અમૃતચન્દ્રાચાર્યે તો ત્યાં સુધી કહ્યું છે કે સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનો બીજો પ્રકાર અસંભવ છે.

અંતે અમૃતચન્દ્રદેવ કહે છે-"અધિક પ્રલાપથી બસ થાવ, મારી મતિ વ્યવસ્થત થઈ ગઈ છે."[1] તથા ૮૨ મી ગાથાની જ ઉત્થાનિકામાં તેઓ કહે છે-"ભગવંતો દ્વારા અનુભૂત અને બતાવવામાં આવેલો આ જ એક મોક્ષનો પારમાર્થિક માર્ગ છે, આ રીતે બુદ્ધિને વ્યવસ્થિત કરે છે."[2]

અરે ભાઈ ! જેની બુદ્ધિ અવ્યવસ્થિત છે તેને જગત અવ્યવસ્થિત દેખાય છે. જેમ કે ચાલતી ગાડીમાં બેઠેલી વ્યક્તિને જમીન ચાલતી દેખાય છે, પણ જ્યારે વિવેકથી વિચાર કરે છે તો પ્રતીત થાય છે કે જમીન તો પોતાની જગ્યાએ સ્થિર છે, હું જ ચાલી રહ્યો છું. તેવી જ રીતે અવ્યવસ્થિત મતિવાળાને જગત અવ્યવસ્થિત નજરે આવે છે. જો ગંભીરતાથી વિચાર કરે તો પત્તો લાગી શકે છે કે જગતને વ્યવસ્થિત કરવાનું નથી, તે તો વ્યવસ્થિત જ છે; મારે મારી મતિને વ્યવસ્થિત કરવાની છે.

પણ આ અવ્યવસ્થિત મતિવાળા લોકો જગતને જ વ્યવસ્થિત કરવાના વિકલ્પોમાં ગૂંચવાયા છે; જેમ જેમ સુલટાવવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ અધિક ગૂંચવાતા જાય છે. કારણ કે જ્યાં અવ્યવસ્થા છે, ત્યાં તેમનું ધ્યાન જ નથી અને જ્યાં બધું જ પૂરેપૂરૂં વ્યવસ્થિત છે, જ્યાં કાંઈ પણ ફેરફારનો સંભવ નથી; ત્યાંના વ્યવસ્થાપક બનવાની ધુનમાં વ્યાકુળ થઈ રહ્યા છે, અને જ્યાં સુધી પોતે પોતાની મતિ વસ્તુસ્વરૂપને અનુકૂળ વ્યવસ્થિત નહિ કરે, ત્યાં સુધી વ્યાકુળ થતા રહેશે.

એક વાત તો એ પણ છે કે કર્તૃત્વના અહંકારથી ગ્રસ્ત પ્રાણીઓની મતિ વ્યવસ્થિત હોઈ પણ નથી શકતી. કેમ કે વ્યવસ્થાપક બનવાની ધુનમાં મસ્ત જગત એ કેવી રીતે

---

૧ अलमथवा प्रलपितेन। व्यवस्थितामतिर्मम। -પ્રવચનસાર ગાથા ૮૨ ની ટીકા.

૨ अथायमेवैको भगवद्भिः स्वयमनुभूयोपदर्शितो निःश्रेयसस्य पारमार्थिकः पन्था इति मतिं व्यवस्थापयति। -પ્રવચનસાર ગાથા ૮૨ ની ઉત્થાનિકા.

સ્વીકારી શકે કે જગત સ્વયં વ્યવસ્થિત છે. જો જગતને પોતાથી વ્યવસ્થિત માની લઈએ તો તેઓ વ્યવસ્થાપક કેવી રીતે રહે? તેઓ વ્યવસ્થાપક બની રહે તે માટે એ આવશ્યક છે કે જગત અવ્યવસ્થિત હોય, અન્યથા તેઓ વ્યવસ્થા કોની કરે, શું કરે? એ જ કારણે વ્યવસ્થાપકોની સમજણમાં વ્યવસ્થિત–વ્યવસ્થા નથી આવી શકતી; કેમ કે તેથી તેમના અહંને ચોટ લાગે છે, વ્યવસ્થાપકત્વનો અધિકાર છિનવાઈ જાય છે.

વ્યવસ્થાપકને તો એક અવ્યવસ્થિત જગત જોઈએ, જેની વ્યવસ્થા તે કરે અને શાનપૂર્વક તે વ્યવસ્થાપક બની રહે. એ જ કારણે સુનિશ્ચિત સ્વયંચાલિત વ્યવસ્થા જગતની સમજણમાં નથી આવતી અને તેની મતિ વ્યવસ્થિત નથી થતી.

‘સર્વજ્ઞતા’ અને ‘ક્રમબદ્ધપર્યાય’ ની શ્રદ્ધા–પ્રતીતિ વિના મતિ વ્યવસ્થિત થઈ જ નથી શકતી.

ભલે ગમે તેટલો પ્રમાણિક વ્યવસ્થાપક હોય, પરંતુ વ્યવસ્થાપક દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા કદી પણ પૂર્ણ વ્યવસ્થિત, સાચી અને ન્યાયસંગત ન હોઈ શકે, સ્વયંચાલિત વ્યવસ્થા જ પૂર્ણ વ્યવસ્થિત, સાચી અને ન્યાયસંગત હોય છે.

એક વજન જોખવાનું યંત્ર છે, જેમાં દસ પૈસાનો સિક્કો નાખવાથી આપનું સાચું વજન જણાઈ જાય છે. તે યંત્ર પાસે જેટલા માણસો પોતાનું વજન કરાવશે તેટલા દસ પૈસાના સિક્કા તેની અંદરથી અવશ્ય નીકળશે. એવું બની શકતું નથી કે કોઈ પૈસા ન નાખે અને પોતાનું વજન ( તેની પાસેથી ) જાણી લે, ભલે તે માણસ તે યંત્રનો માલિક પણ કેમ ન હોય. તેને પણ જો પોતાનું વજન જાણવું હોય તો યંત્રમાં સિક્કો નાખવો જ પડશે. પરંતુ એવો માણસ કદાચ દીવો લઈને શોધતાં ય ન મળે કે જેના ભરોસે કાંટો સોંપવામાં આવે અને કહેવામાં આવે કે જે વજન કરાવે તેની પાસેથી દસ પૈસા લઈ લેજો. તે પોતે વજન કરાવશે અને પૈસા જમા નહિ કરે, પોતાના બાળકોને તોળશે અને પૈસા નહિ આપે. એ સંભવિત નથી કે જેટલા માણસો તે કાંટા ઉપર વજન કરાવે, એટલા પૈસા તેના સ્વામીને મળી જ જાય. માટે સ્વયંચાલિત વ્યવસ્થા જ બરાબર છે, સાચી છે; પણ વ્યવસ્થાપક એ નહિ માને કેમ કે એથી તે નકામો બની જાય છે. તેનું કર્તૃત્વ ઝૂંટવાઈ જાય છે, અહંકાર તૂટી જાય છે. એ જ કારણે તેની મતિ વ્યવસ્થિત નથી થઈ શકતી.

વ્યવસ્થિત–વ્યવસ્થામાં અપ્રમાણિકપણું શક્ય નથી. એ જ કારણે જે નિયમિતક્રમ અર્થાત્ વ્યવસ્થિત–વ્યવસ્થાનો ભંગ કરીને સમય પહેલાં કામ કરી લેવાની ભાવના રાખે છે તેમને વ્યવસ્થિત–વ્યવસ્થા સહેજે સ્વીકાર્ય નથી થતી.

“પૈસાથી આજે શું નથી થઈ શકતું, પૈસાથી શું નથી મળી શકતું ? પૈસા એક એવી શક્તિ છે જેની સામે કોઈ નિયમ ચાલી શકતો નથી. તેની સામે બધી વ્યવસ્થા નકામી છે. પૈસાના બળે હું જે ઇચ્છું તે કરી શકું છું. પૈસાથી બધી વ્યવસ્થાઓ બદલાવી શકાય છે.”–આ જાતના અથવા આ જાતના બીજા કોઈ અભિમાનથી ગ્રસ્ત અપ્રમાણિક લોકોની મતિનું વ્યવસ્થિત થવું અસંભવ ન હોય, તો ય કઠણ અવશ્ય છે. તેને એક વ્યવસ્થિત–વ્યવસ્થા અર્થાત્ ક્રમબદ્ધપર્યાયનો સ્વીકાર થવો સુગમ નથી. પણ ભાઈ ! આ મનુષ્ય ભવમાં કરવા યોગ્ય તો એક માત્ર એ જ કાર્ય છે કે આપણે આપણી મતિને વ્યવસ્થિત કરીએ.

સર્વજ્ઞતાના નિર્ણયથી, ક્રમબદ્ધપર્યાયના નિર્ણયથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે, કર્તૃત્વનો અહંકાર ગળી જાય છે, સહજ જ્ઞાતા–દ્રષ્ટાપણાનો પુરુષાર્થ જાગૃત થાય છે, પરમાં ફેરફાર કરવાની બુદ્ધિ સમાપ્ત થઈ જાય છે; એ કારણે તે સંબંધીની આકુળ–વ્યાકુળતા પણ ચાલી જાય છે, અતીન્દ્રિય આનંદ પ્રગટ થવાની સાથેસાથે અનંત શાંતિનો અનુભવ થાય છે.

સર્વજ્ઞતાના નિર્ણય અને ક્રમબદ્ધપર્યાયની શ્રદ્ધાથી આટલા લાભ તો તત્કાળ મળે છે. ત્યાર પછી જ્યારે તે જ આત્મા, આત્માના આશ્રયે વીતરાગ–પરિણતિની વૃદ્ધિ કરતો જાય છે, ત્યારે એક સમય એવો પણ આવે છે કે જ્યારે તે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પોતે જ પ્રાપ્ત કરી લે છે. આત્મામાંથી પરમાત્મા બનવાનો આ જ માર્ગ છે.

મોક્ષાભિલાષી મુમુક્ષુ બંધુઓએ મરી–પછડાઈને પણ જેમ બને તેમ સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ સમજવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ. સર્વજ્ઞતાનું સાચું રૂપ ખ્યાલમાં આવતાં જ ક્રમબદ્ધપર્યાય સ્વયં સમજવામાં આવી જશે, તેના માટે જુદો કોઈ પ્રયત્ન નહિ કરવો પડે. પણ ધ્યાનમાં રહે કે સર્વજ્ઞતા પર સન્મુખની વૃત્તિથી સમજવામાં આવનારી વસ્તુ નથી, સર્વજ્ઞતાની પર્યાયની સન્મુખ થયેલી દ્રષ્ટિથી પણ સર્વજ્ઞતા સમજી શકાતી નથી; સર્વજ્ઞસ્વભાવી આત્માના આશ્રયે સર્વજ્ઞતા સમજવામાં આવે છે. સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ સમજવા માટે આત્મોન્મુખી પુરુષાર્થ અપેક્ષિત છે. ક્રમબદ્ધપર્યાય સમજવાનો પણ એકમાત્ર એ જ ઉપાય છે. [ –ક્રમશઃ ]

[ જ્ઞાનગોષ્ઠી પાનું ૩૫ થી ચાલુ ]

કર્મ શરીરાદિ બાહ્યવસ્તુ પરદ્રવ્યો હોવાથી બંધનું કારણ નથી તેમ કહ્યું અને પહેલી ગાથામાં કહ્યું કે અનંત સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપન કરું છું. પણ અનંતા સિદ્ધો તો પરદ્રવ્ય છે ને? તારી પર્યાયમાં અતદ્ભાવરૂપ છે ને? તેનું સ્થાપન શી રીતે થશે? તો કહે છે કે તે અનંતા સિદ્ધો પર્યાયમાં ભલે અતદ્ભાવરૂપ હો પણ તે અનંતા સિદ્ધોની પ્રતીત પર્યાયમાં આવી જાય છે, તેથી અનંતા સિદ્ધોનું સ્થાપન કરવાનું કહ્યું છે. જેમ અધ્યવસાનનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે તેમ પોતાના સિદ્ધસ્વભાવનું પર્યાયમાં સ્થાપન કરાવવા માટે અનંતા સિદ્ધોનું સ્થાપન કરાવવામાં આવ્યું છે. જેમ બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત છે તેમ પોતાના સિદ્ધસ્વરૂપનું લક્ષ કરવામાં અનંતા સિદ્ધો નિમિત્ત છે.

* ભગવાન મહાવીર પૂર્વના દશમાં ભવે સિંહ પર્યાયમાં હરણને મારીને ખાય છે. પેટમાં માંસ પડયું છે અને ઉપરથી મુનિઓ ઉતરીને આત્માનું સંબોધન કરતાં સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. હજુ માંસ પેટમાં પડયું છે ને સમ્યગ્દર્શન પામે છે! પણ પેટ તો પોતામાં અતદ્ભાવરૂપ છે. પર્યાયમાં મિથ્યા ભ્રમ હતો તે સ્વભાવ સન્મુખ થતાં છૂટયો અને સમ્યગ્દર્શન થયું.

પ્રશ્ન :–સમ્યગ્દર્શન આટલું જલ્દી થાય?

ઉત્તર :–હા, પ્રવચનસારમાં કહ્યું છે કે શુદ્ધાત્માનો આજે જ અનુભવ કરો! ભરત મહારાજ ક્ષણમાં કેવળજ્ઞાન લે છે. આહાહા! સ્વભાવ બેહદ છે, તેની શી વાત! આ તો ભગવાનના ઘરની વાત છે ભગવાન!

* શુભ–અશુભરૂપ અધ્યવસાન એક જ બંધનું કારણ છે, બાહ્યવસ્તુ પણ બંધનું કારણ છે એમ નથી. પુણ્ય–પાપ ભાવોમાં એકત્વબુદ્ધિરૂપ જે અધ્યવસાન છે તે જ એક બંધનું કારણ છે. બાહ્યવસ્તુ અધ્યવસાન થવાનું કારણ–નિમિત્ત થાય છે, બાહ્યવસ્તુનો આશ્રય કરીને અધ્યવસાન થાય છે પણ તે બાહ્યવસ્તુ બંધનું કારણ થતી નથી. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તીને છન્નુ કરોડ પાયદળ ને છન્નુ હજાર રાણીઓ આદિ બાહ્ય વૈભવો છે પણ તે બંધનું કારણ નથી. બંધનું કારણ તો એક અધ્યવસાન જ છે. બાહ્યવસ્તુ બિલકુલ બંધનું કારણ નથી. જો બાહ્યવસ્તુ બંધનું કારણ થતી હોય તો સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી તીર્થંકરો આદિને ઘણી અનુકૂળ સામગ્રીઓ હોય છે પણ

તેમને અધ્યવસાન નથી, તેથી તે બાહ્યસામગ્રી બંધનું કારણ થતી નથી. અધ્યવસાન એક જ બંધનું કારણ ને સંસારની જડ (–મૂળ) છે. તેનાથી જ નરક–નિગોદ આદિ ચોરાશીના અવતાર થાય છે.

પ્રશ્ન :–બાહ્યવસ્તુ બંધનું કારણ નથી તો શાસ્ત્રોમાં બાહ્યવસ્તુ ત્યાગ કરવાનો ઉપદેશ કેમ આવે છે?

ઉત્તર :–બાહ્યવસ્તુ બંધનું કારણ તો છે જ નહિ, કેમ કે બાહ્યવસ્તુ પોતાના દ્રવ્યગુણમાં તો છે જ નહિ અને પર્યાયમાં પણ બાહ્યવસ્તુનો અભાવ છે. તેથી તે બંધનું કારણ છે જ નહિ, તોપણ બાહ્યવસ્તુના આશ્રયે જ અધ્યવસાન થતાં હોવાથી બાહ્યવસ્તુને બંધના કારણનું કારણ ગણીને બાહ્યવસ્તુના ત્યાગનો ઉપદેશ આપવામાં આવે છે. કેમ કે બાહ્યવસ્તુના આશ્રય વિના અધ્યવસાન થઈ શકતા નથી.

પ્રશ્ન :–જિનબિમ્બથી નિદ્ધત અને નિકાચિત કર્મ નાશ થાય છે અને સમ્યગ્દર્શન પામે છે તેમ ધવલમાં આવે છે તો પરદ્રવ્યના લક્ષે સમ્યગ્દર્શન થાય છે?

ઉત્તર :–ધવલમાં પાઠ આવે છે એનો અર્થ એ છે કે જિનબિમ્બ સ્વરૂપ નિજ અંતર આત્મા અક્રિય ચૈતન્યબિમ્બ છે તેના ઉપર લક્ષ ને દ્રષ્ટિ જાય છે ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને નિદ્ધત ને નિકાચિત કર્મ ટળે છે ત્યારે જિનબિમ્બના દર્શનથી સમ્યગ્દર્શન થયું ને કર્મ ટળ્યા એમ ઉપચારથી કથન આવે છે. કેમ કે પહેલા જિનબિમ્બ ઉપર લક્ષ હતું તેથી તેના ઉપર ઉપચારનો આરોપ કરાય છે. સમ્યગ્દર્શન સ્વના લક્ષે જ થાય, પરના લક્ષે ત્રણકાળમાં ન થાય એવી વસ્તુસ્થિતિ છે.

* ઉપયોગ આત્માનું લક્ષણ છે, તેને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. આત્માના આલંબનથી ઉપયોગ પ્રગટ થાય છે, બાહ્ય પદાર્થોના આવંબનથી ઉપયોગ પ્રગટ થતો નથી. આત્માને તો પર પદાર્થોનું આલંબન નથી પણ તેના ઉપયોગ ને પણ બાહ્ય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ લક્ષણને લક્ષ્ય એવા આત્માનું આલંબન છે. પરપદાર્થોના આલંબનથી એટલે કે દેવ–ગુરુ જિનવાણીના આલંબનથી આત્માનો ઉપયોગ પ્રગટ થતો નથી પણ સ્વના આલંબનથી જ ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગની અસ્તિ જ્ઞેય પદાર્થોના લઈને નથી પણ તે જેનું લક્ષણ છે એવા આત્માથી અસ્તિરૂપ છે. તે ઉપયોગ ને પરનું આલંબન કેમ હોય? ઘણું વાંચે, ઘણું સાંભળે માટે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ નથી પણ શુદ્ધિની વૃદ્ધિ આત્માના આલંબને થાય છે.

* ધ્રુવ સ્વભાવની ઉપર દૃષ્ટિ જાય તેને અતીન્દ્રિય આનંદ આવે છે. ધ્રુવ સ્વભાવ ઉપર, લક્ષ જાય તેને અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે જ નહિ. બહારના વિષયોનો આનંદ એ તો ભિખારાવેડા છે. જેણે ધ્રુવનું ધ્યાન કર્યું તેને અતીન્દ્રિય આનંદ આવ્યા વિના રહે જ નહિ. ભગવાન આત્માની સન્મુખ થતાં અતીન્દ્રિય આનંદ આવે તેને સમ્યગ્દર્શન કહે છે અને આનંદસ્વરૂપ આત્મામાં વિશેષ આનંદ આવે તેને ચારિત્ર કહે છે. શુભરાગ એ તો અંધ છે, તેમાં પ્રકાશમૂર્તિ ભગવાન આત્મા નથી. શુભ પરિણામ એ તો જડ છે, જડ કેમ છે કે તેમાં જ્ઞાનાનંદ ચેતનભાવનો અંશ નથી તેથી તે જડ અંધકારરૂપ છે અને ભગવાન આત્મા તો પ્રકાશપુંજ આનંદસ્વરૂપ છે.

* ઉત્પાદ–વ્યયની પર્યાય આત્માને સંયોગ–વિયોગરૂપ છે. ઉત્પાદ તે આત્માને સંયોગ છે, વ્યય તે વિયોગ છે. એક સમયની પર્યાયને આત્મા રાખી શકતો નથી તો બહારના કોને રાખી શકે? ઉત્પાદ–વ્યય પર્યાય છે તે આત્માની આસપાસ છે ( –ઉપર ઉપર છે ), ધ્રુવ–સ્વભાવની અંદર તે પ્રવેશતી નથી.

* પર્યાયમાં જોવાની છે પોતાની વર્તમાન યોગ્યતા અને દ્રવ્યમાં જોવાનું છે પોતાનું ત્રિકાળી સામર્થ્ય. પરમાં તો એને જોવાનું છે જ નહિ. કર્મને આધીન થઈને રાગ કરે છે એ પરતંત્રતા પણ ભોગવવાની તેની પર્યાયમાં યોગ્યતા છે અને તે જ વખતે તે રાગથી ભિન્ન દ્રવ્યસ્વભાવની શુદ્ધતાનું સામર્થ્ય સદાય એવું ને એવું જ છે એમ દેખે છે.

* અતીન્દ્રિય આનંદમાં પ્રીતિ થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિને અનુકૂળ પરદ્રવ્યો પ્રત્યે વાંછા નથી કે પ્રતિકૂળ શરીરાદિ પરદ્રવ્યો પ્રત્યે ગ્લાની કે દ્વેષ નથી. ભલે કદાચિત્ તે નરકની વેદનામાં પડયો હોય પણ ત્યાંના તીવ્ર શીત–ઉષ્ણરૂપે પરિણમેલા પરમાણુઓ પ્રત્યે ગ્લાનિ નથી. ધર્મીને ઉલ્ટી આદિ થાય અને વિષ્ટા આદિથી લેપાયેલ હોય છતાં તેનાથી ધર્મીને ગ્લાની નથી અને હીરારત્નમણિના ઢગલા દેખાય છતાં તેની વાંછા નથી. સમ્યગ્દર્શન તે કોઈ અલૌકિક ચીજ છે, આત્માના આનંદ સ્વરૂપનું વેદન થઈને પ્રતીતિ થાય એ સમ્યગ્દર્શનમાં અંશે સિદ્ધોની જાતનો અતીન્દ્રિય આનંદ આવે એની શું વાત!

પ્રશ્ન :–આપ કહો છો કે શરીર તારું નહિ અને રાગ પણ તારો નહિ, પણ અમારે આખો દિવસ કામ તો એ બેની સાથે જ છે!

ઉત્તર :–ભાઈ! શરીર તો એના કારણે ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે અને રાગ પણ એના કારણે ષટ્કારકથી પરિણમે છે. તું તો એ બેનો જાણનાર છો. એક સમયમાં પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે, દ્રવ્યના કારણે નહિ, પૂર્વ પર્યાયની કારણે ઉત્તર પર્યાય પરિણમે છે એમ પણ નથી. દરેક પદાર્થની પર્યાય દરેક સમયે ષટ્કારકથી સ્વતંત્રપણે જ પરિણમે છે—એ વસ્તુની સ્થિતિ છે. ભાઈ! તારું તત્ત્વ તો આખું જ્ઞાયકભાવથી ભરેલું છે એ જાણવા સિવાઈ શું કરે?

* દવાના પરમાણુ છે તે રોગને અડતા નથી, તે રોગને મટાડી શકે એમ ત્રણ કાળમાં બને નહિ. ક્ષુધાના પરમાણુને આહારના પરમાણુ અડતા નથી. ક્ષુધા મટવાનો કાળ હોય ત્યારે આહારના પરમાણુને નિમિત્ત કહેવાય. રોગ મટવાનો કાળ હોય ત્યારે દવાના પરમાણુને નિમિત્ત કહેવાય પણ નિમિત્તની પરમાણુ રોગને અડતા નથી. એક પરમાણુને બીજા પરમાણુ અડતા નથી તેમ સમયસારની ત્રીજી ગાથામાં કહ્યું છે ને! વસ્તુસ્થિતિ જ આવી સ્વતંત્ર છે.

* હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે, પરંતુ કર્તા–કર્મ, સ્વ–સ્વામી આદિ સંબંધો નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ–નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક–અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું, અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણ લોકના નાથ તે વિનય કરવા યોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણ લોકના નાથ પણ વિશ્વમાં–જ્ઞેયમાં આવે છે ને હું જ્ઞાયક છું, આખું વિશ્વ તે જ્ઞેય છે અને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામી–એવો સ્વ–સ્વામીસંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેયજ્ઞાયકસંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા જ્ઞાન ને જ્ઞેય છું. તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

* આહાહા! આઠ વર્ષનો બાળક હોય, નિગોદમાંથી નીકળીને એકાદ ભવ વચ્ચે કર્યો હોય ને મનુષ્ય થઈ આઠ વર્ષે સમ્યગ્દર્શન પામે, અંતર્મુહૂર્તમાં મુનિ થાય ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં મુક્તિ પામે. આહાહા! સ્વભાવ છે ને! એ ચૈતન્યસ્વભાવના સામર્થ્યની શી વાત! સંસારના વિકલ્પોનો સ્વભાવમાં પ્રવેશ જ નથી.

## સમાચાર:-

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે. સવારે શ્રી સમયસાર-બંધ અધિકાર ઉપર તથા બપોરે શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનો ચાલી રહ્યા છે.

* નાઈરોબી જવા માટે તા. ૨૮-૧૨-૭૯ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને મુંબઈ પધારશે. મુંબઈથી તા. ૧-૧-૮૦ ના રાત્રે (તા. ૨-૧-૮૦ ની વહેલી સવારે) નાઈરોબી જવા માટે મંગલ પ્રસ્થાન કરશે. નાઈરોબીમાં તા. ૧૧-૧-૮૦ થી તા. ૧૯-૧-૮૦ સુધી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે. તા. ૨૮-૧-૮૦ ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી નાઈરોબીથી મુંબઈ પધારશે.

## વૈરાગ્ય સમાચાર:-

* રાજકોટ નિવાસી શ્રી વનેચંદ જેચંદ શાહ (ઉં. ૮૩) તા. ૧૭-૧૧-૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* સુરેન્દ્રનગર નિવાસી સુરજબેન ગણેશદાસ શાહ (વર્ષ ૮૦) તા. ૨-૧૧-૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* પોરબંદર નિવાસી (હાલ સોનગઢ) શ્રી હરખચંદ વેલજીના ધર્મપત્નિ હીરાબેન (ઉં. ૮૦) તા. ૧૯-૧૧-૭૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓ વીતરાગધર્મનું શરણ પામી આત્મોન્નતિ પામે એ જ શુભ કામના.

* શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર, મુમ્બાદેવી-મુંબઈ માટે પાર્ટ-ટાઈમ કે ફુલ-ટાઈમ વેતનથી કે સેવાભાવથી નામુ લખી શકે એવા સાધર્મી ભાઈની જરૂર છે. પોતાની સેવા આપવા ઇચ્છતા સાધર્મીએ મંદિરે વ્યવસ્થાપકનો સંપર્ક સાધવો.

**-કાંતિભાઈ મોટાણી.**

### કૂપન સંબંધી સૂચના:-

(૧) જે ગામનું મુમુક્ષુ મંડળ ભેટ કુપનો ભેગા કરીને સોનગઢ મોકલી આપશે તેમને સંસ્થા દ્વારા રેલ્વે પાર્સલથી પુસ્તકો મોકલવામાં આવશે.

(૨) પોસ્ટથી મંગાવનારે ભેટ-કુપન ભરીને સાથે ૦૦-૨૦ પૈ. પોસ્ટેજ ટિકિટ મોકલવી અને રજિસ્ટર્ડ પોસ્ટથી મંગાવનારે રૂા. ૨-૪૫ પોસ્ટેજ ટીકીટ મોકલવી.

## 'બહેનશ્રીનાં વચનામૃત' વિષે પ્રમોદપૂર્ણ અભિમત

[ ભાવનગરની શામળદાસ કોલેજના પ્રોફેસર શ્રી અરુણભાઈ શાંતિલાલ જોષીએ ગોપનાથના મહંતશ્રી દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' વિષે વ્યક્ત કરવામાં આવેલા ઉદ્ગાર તેમના જે પત્રમાં રજૂ કર્યા છે તે, 'આત્મધર્મ' ના વાચકોની જાણ માટે અત્રે આપવામાં આવે છે. ]

ભાવનગર, ૧૨ નવેમ્બર, ૭૯

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ મહારાજ સાહેબની સેવામાં,

સાદર જણાવવાનું કે... ગઈ કાલે ગોપનાથ ગયો હતો. ત્યાં શ્રી કેશવાનંદ બાપુના દર્શનાર્થે ગયેલો. તેઓશ્રી આપને લગભગ ૪૦ વર્ષ પહેલાં મળેલા તે યાદ કરતા હતા. તેમના હાથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' પુસ્તક જોઈને બહુ જ આનંદ થયો. તેઓશ્રીને એ પુસ્તક બહુ જ ગમ્યું છે; અને મને કહેતા હતા કે મોટાંમોટાં ઉપનિષદોમાં જે કંઈ છે તેના કરતાં પણ આ પુસ્તકમાં સુંદર સામગ્રી રહેલી છે; અને કેટલાંક વચનામૃતો વાર્તાલાપ દરમ્યાન વારેવારે બોલતા હતા. મેં પણ તેમને વચનામૃતો સંભળાવેલ અને તેઓને ખૂબ જ આનંદ થયો છે. તેઓશ્રી પ્રશંસા કરતાં થાકતા ન હતા.

ભારતીય સંસ્કૃત્તિ ઉપરના નિબંધમાં મને પ્રથમ પારિતોષિક રૂા. અઢીસોનું મળેલ છે જે આપના આશીર્વાદને લીધે છે એમ માનું છું.

લિ. ભવદીય

અરુણના સાદર પ્રણામ

અહીંથી કાપો

'સત્યની શોધ' * ભેટ-કૂપન *

ગુજરાતી આત્મધર્મ–ગ્રાહક નંબરઃ–

નામઃ–

સરનામુંઃ–

સહીઃ–

તારીખઃ–




* જેમ શાકથી મીઠાનો સ્વાદ જુદો આવે છે તેમ સમ્યગ્દૃષ્ટિને રાગથી જ્ઞાનનો સ્વાદ ભિન્ન આવે છે—એમ સમયસાર ગાથા ૧૫માં કહ્યું છે. રાગ એ તો દુઃખરૂપ છે અને તેનાથી ભિન્ન ભગવાન આત્મા તો સુખરૂપ ભાસે છે એમ સમયસાર ગાથા ૭૩ આદિમાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને શ્રુતજ્ઞાનમાં શ્રુત તે ઉપાધિ છે, શ્રુતથી ભિન્ન જ્ઞાનનો અનુભવ છે. આથી કોઈ એમ માને કે ચોથા ગુણસ્થાને સમ્યગ્દૃષ્ટિને આત્માના અનુભવનો સ્વાદ નથી તો તે વાત ખોટી છે. જ્યારે દ્રવ્યદૃષ્ટિ થાય છે ત્યારે રાગથી ભિન્ન આનંદસ્વરૂપ આત્માનો સ્વાદ આવે છે. સમયસાર ગાથા ૫૦ થી ૫૫ માં પણ કહ્યું છે કે રાગાદિ ભાવો સમ્યગ્દૃષ્ટિને પોતાની અનુભૂતિથી ભિન્ન ભાસે છે. ખરેખર તો રાગથી ભિન્ન પડીને શુદ્ધ ઉપયોગ થાય છે તે જ આત્માનું ધ્યેય કરે છે. શુભ રાગનું લક્ષ તો પર ઉપર છે. સમયસાર ગાથા ૧૪૪માં સમ્યગ્દૃષ્ટિની નિર્વિકલ્પની વાત છે. નયાતિક્રાંતની વાત છે, એ શુદ્ધ ઉપયોગ છે. સમયસાર ગાથા ૩૧ માં સમ્યગ્દૃષ્ટિને જિતેન્દ્રિય કહ્યો છે, જિન કહ્યો છે, રાગથી ખસીને સ્વમાં જાય છે તે ઉપયોગ શુદ્ધોપયોગ જ છે. ચોથા ગુણસ્થાનેથી શુદ્ધોપયોગ શરૂ થાય છે.

* અલિંગગ્રહણના દશમાં બોલમાં આવે છે કે આત્મા શુદ્ધ ઉપયોગ સ્વભાવી છે. આત્માનો સ્વભાવ શુદ્ધ-ઉપયોગ છે. તે શુદ્ધોપયોગ સ્વભાવી આત્મા શુદ્ધ ઉપયોગથી જ જણાય છે. વ્યવહાર-રત્નત્રયના રાગથી જણાય નહિ, શુદ્ધ ઉપયોગથી જ જણાય. ચોથા ગુણસ્થાને શુદ્ધ-ઉપયોગમાં આત્મા જણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્માની અભિમુખ પરિણામ થાય છે તે શુદ્ધ-ઉપયોગ નામ પામે છે. શુદ્ધ-ઉપયોગમાં આત્માની પ્રતીતિરૂપ સમ્યગ્દર્શન થાય છે. ચોથા ગુણસ્થાને અંશે મોક્ષમાર્ગ આવે છે. અનંતાનુબંધી કષાયનો અભાવ થઈને અતીન્દ્રિય આનંદ શુદ્ધ-ઉપયોગમાં પ્રગટ થાય છે તેમાં અંશે ચારિત્ર પણ પ્રગટે છે. અંશે અનંત ગુણોનું પરિણમન શુદ્ધ થાય છે.

* બાહ્ય વસ્તુ બંધનું કારણ નથી. કેમ કે બાહ્ય વસ્તુ પોતાની પર્યાયમાં અતદ્‌ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ થતું નથી.

[ અનુસંધાન પાનું ૨૯ ]

## ❀ આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ ❀

| | | |
|---|---|---|
| ૧૦૨૦ | શ્રી વસંતરાય મણીલાલ દોશી | મુંબઈ |
| ૧૦૨૧ | શ્રી રતીલાલ ડી. દેસાઈ | મુંબઈ |
| ૧૦૨૨ | શ્રી નારણભાઈ ગોવીંદજી શીયાળ | મુંબઈ |
| ૧૦૨૩ | શ્રીમતી નિર્મળાબેન હીરાલાલ બક્ષી | મુંબઈ |
| ૧૦૨૪ | શ્રીમતી કુમુદબેન પારેખ | અમદાવાદ |
| ૧૦૨૫ | શ્રીમતી શાંતાબેન કે. ઉદાણી | મુંબઈ |
| ૧૦૨૬ | શ્રી નવીનચંદ્ર દલીચંદ્ર ગાંધી | મુંબઈ |
| ૧૦૨૭ | શ્રી જ્ઞાનચંદસા કેવલચંદ જૈન | સનાવદ |
| ૧૦૨૮ | શ્રી જયંતીલાલ ગોપાલજી કામદાર | ધુલીયા |
| ૧૦૨૯ | શ્રી હર્ષદ એન. મોદી | દીલ્હી |
| ૧૦૩૦ | શ્રી ચંદ્રકાંત ઉજમશી મહેતા | મુંબઈ |
| ૧૦૩૧ | શ્રી જયંતીલાલ મણીલાલ ભાયાણી | વડોદરા |
| ૧૦૩૨ | શ્રી સનતકુમાર નાથાલાલ શાહ | ખેડબ્રહ્મા |
| ૧૦૩૩ | શ્રી પ્રવીણચંદ્ર કોદરલાલ શાહ | અમદાવાદ |
| ૧૦૩૪ | શ્રી અજય વિનોદ શાહ | મુંબઈ |
| ૧૦૩૫ | શ્રી પી. બી. સંઘવી | અમદાવાદ |
| ૧૦૩૬ | શ્રી રજનીકાંત છોટાલાલ શાહ | મુંબઈ |
| ૧૦૩૭ | શ્રી સંજીવની નેમીનાથ ઘંટે | લોહા |
| ૧૦૩૮ | શ્રી વસંતલાલ મુળચંદ શાહ | મુંબઈ |
| ૧૦૩૯ | શ્રી જયંતીલાલ ચીમનલાલ શાહ | અમદાવાદ |
| ૧૦૪૦ | શ્રી નવલચંદ ત્રીભોવનદાસ બાવીસી | જામનગર |
| ૧૦૪૧ | શ્રી જયંતીલાલ કપુરચંદ | મુંબઈ |
| ૧૦૪૨ | શ્રી સી. કે. ગાંધી | શોર્ટહીલ |
| ૧૦૪૩ | શ્રી સતીશકુમાર અમૃતલાલ શાહ | મુંબઈ |
| ૧૦૪૪ | શ્રી વસંતરાય જેઠાલાલ મહેતા | વાંકાનેર |
| ૧૦૪૫ | શ્રી સવાયલાલ હરીલાલ ધોળકીયા | મુંબઈ |
| ૧૦૪૬ | શ્રી હસમુખલાલ ડાહ્યાલાલ તંબોલી | ચીત્રોડા |
| ૧૦૪૭ | શ્રી સજ્જનલાલ બંડી | ઉદયપુર |
| ૧૦૪૮ | શ્રી વી. આર. શાહ | સુરેન્દ્રનગર |
| ૧૦૪૯ | શ્રી મનજીભાઈ ઠાકરશી | રાજકોટ |
| ૧૦૫૦ | શ્રી ચંપાલાલ ધોંડીલાલ | મહીદપુર |
| ૧૦૫૧ | શ્રી માણેકલાલ જાદવજી રૂગાની | નાઈરોબી |
| ૧૦૫૨ | શ્રીમતી જશોદાબેન હીરજી | લંડન |
| ૧૦૫૩ | શ્રી વેલજી શાહ | નાઈરોબી |
| ૧૦૫૪ | શ્રી રામજી ખીમજી | કીસુજી |
| ૧૦૫૫ | શ્રીમતી કમલાબેન કામદાર | લાતુર |
| ૧૦૫૬ | શ્રી સોમચંદ કાલીદાસ શાહ | અમદાવાદ |
| ૧૦૫૭ | શ્રી દીલીપ કે પીઠડીયા | ચીકાગો |
| ૧૦૫૮ | શ્રી ચીમનલાલ બી. પારેખ | ભાવનગર |
| ૧૦૫૯ | શ્રી ધીરજલાલ હીરાલાલ ભાયાણી | ભાવનગર |
| ૧૦૬૦ | શ્રી નાનુભાઈ શાહ | દીલ્હી |
| ૧૦૬૧ | શ્રી હર્ષદરાય હરીલાલ | મુંબઈ |
| ૧૦૬૨ | શ્રી મહાસુખલાલ ભુરાભાઈ કોઠારી | પોરબંદર |
| ૧૦૬૩ | શ્રી કાંતીલાલ માણેકચંદ કાપડીયા | ભાવનગર |
| ૧૦૬૪ | શ્રી વીનયકાંત એમ. શાહ | અમદાવાદ |
| ૧૦૬૫ | શ્રી હરજીવનદાસ પાનાચંદ શાહ | જોરાવરનગર |
| ૧૦૬૬ | શ્રી પ્રાણલાલ ગંભીરદાસ શેઠ | ડોમ્બીવલી |
| ૧૦૬૭ | શ્રીમતી નવલબેન મોદી | કલકત્તા |
| ૧૦૬૮ | શ્રી કાંતીલાલ એચ. કામદાર | કલકત્તા |
| ૧૦૬૯ | શ્રી નરેન્દ્ર છોટાલાલ અજમેરા | કલકત્તા |
| ૧૦૭૦ | શ્રી વૃજલાલ પદમશી દોશી | કલકત્તા |
| ૧૦૭૧ | શ્રી વિમલપ્રકાશ અજમેરા | દુર્ગ |

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/– [ ક્રમશઃ ]

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર પ્રત : ૩૫૦૦
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN : 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ [ વાર્ષિક લવાજમ રૂા. ૬=૦૦ ]